
MANOGAT • Year-40 • Issue-9 • 10 August 2020 • Shravan Vad 6, Samvat 2076 • Yugabd 5122 • Price : Rs. 5/- • Pages : 34





# મનોગત



## અયોધ્યા ખાતે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે ભગવાન શ્રીરામના મંદિરનું ભૂમિપૂજન





Year 39 • Issue 9 • Pages 34



- રામ મંદિર શિલાન્યાસ ૪
- ઉચ્ચ શિક્ષણ કોનકલેવમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સંબોધન ૧૨
- નવી શિક્ષણનીતિ એક સુવર્ણ અધ્યાય ૧૮
- 'રૂપાણી સરકાર'નાં ચાર સફળ વર્ષ પૂર્ણ ૨૨
- એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ અને પીએમ કિસાન યોજનાને આવકારતા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ ૨૪
- IIMના રિપોર્ટની હાઈલાઈટ્સ ૨૫
- રાજીવ ગાંધી ફાઉન્ડેશન સહિત ત્રણ ટ્રસ્ટને મળેલા ફંડની થશે તપાસ ૨૬
- ભારત વિદેશી રોકાણ માટે સૌથી અનુકૂળ ૨૮
- રાજકોટ મહાનગર તેમજ સૌરાષ્ટ્ર વિભાગના કાર્યાલયનું ઈ-ખાતમુહૂર્ત ૨૯
- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના જન્મદિવસની સંવેદનાપૂર્ણ ઉજવણી ૩૦
- આઈ.ટી.અને સોશિયલ મીડિયાના સંદર્ભમાં વર્ચ્યુઅલ બેઠક ૩૧
- ભવ્ય રામ મંદિરના શીલાન્યાસની ક્ષણોને વધાવવા પ્રદેશ ભાજપ કાર્યાલય કમલમ્‌ને ૧૧૦૦ દીવાઓ પ્રજ્વલિત કરી દિવાળી સમાન દૈદિપ્યમાન કરાયું ૩૨



પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
**ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ**
દીનદયાળ ભવન, જે.પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
**ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨**
E-mail : manogat.1980@gmail.com

**તંત્રી મુદ્રક પ્રકાશક :**
**સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલે ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી એલાઈડ ઑફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ., ૧૪/૨, કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૩૮૦૦૨૧ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ થી પ્રગટ કર્યું.**

**Editor : Printer : Publisher :**
Surendrabhai Motilal Patel on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at Allied Offset Printers (Gujarat) Pvt. Ltd., 14/2, Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J.P.Chowk, Khanpur, Ahmedabad-380001.

**તંત્રીસ્થાનેથી**

## જય શ્રી રામથી સિયાવર રામચંદ્ર કી જય

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

ભગવાન રામની જન્મભૂમિ અયોધ્યામાં ભગવાન રામના ભવ્ય મંદિરનું ભૂમિપૂજન થયું. ૫૦૦ વર્ષ જૂની કરોડો ભારતીયોની મનોકામના સમાન રામના મંદિરનો શિલાન્યાસ થયો.

આઝાદી જેવું જ આંદોલન અને છેલ્લે કરોડો લોકોની શ્રદ્ધાને મળ્યું સંવિધાનનું સન્માન.

માન. યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે ભૂમિપૂજન થયું ત્યારે આનંદ ભાજપની વચનપૂર્તિનો હતો. ૩૭૦મી કલમ કાશ્મીરમાંથી નાબૂદ થઈ, અયોધ્યામાં રામમંદિરનું ભૂમિપૂજન થયું, તીન તલાક નાબૂદી જેવા કાયદાના ગઠનથી કોમન સિવિલ કોડમાં આપણે સફળતા મેળવી શક્યા. ભાજપની સ્થાપનાના હેતુઓ સિદ્ધ થયા તેનો આપણને બહુ મોટો સંતોષ છે.

રામમંદિરનું ભૂમિપૂજન આ દેશના સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનું સર્વોત્તમ શ્રદ્ધાકેન્દ્ર તો છે જ, સાથે સાથે આપણી વિચારધારાના પ્રયાસોથી પ્રગટેલું પ્રજાના વિશ્વાસનું યુગો-યુગો સુધી દૃશ્યમાન રહેનારું આ પ્રગટ ભાવવિશ્વ પણ છે.

જય શ્રી રામથી સિયાવર રામચંદ્ર કી જય સુધીની આ યાત્રાના સૌ ભાવિકજનોને હૃદયપૂર્વકનાં અભિનંદન.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ



**રામ મંદિર માટે કઈ કેટલીય સદીઓ સુધી**
**કેટ-કેટલીયે પેઢીઓએ અખંડ અવિરત એકનિષ્ઠ પ્રયાસ કર્યા**



# આ ઐતિહાસિક ક્ષણો યુગો-યુગો સુધી, દિગદિગંત સુધી ભારતની ધજાપતાકાને લહેરાવતી રહેશે

સિયાવર રામચંદ્રની જય!
જય સિયારામ.
જય સિયારામ.

### કરોડો ભારતભક્તોને રામભક્તોને કોટિ-કોટિ અભિનંદન

આજે આ જયઘોષ માત્ર સિયારામની નગરીમાં જ નથી સંભળાઈ રહ્યો, પરંતુ તેની ગુંજ આખા વિશ્વભરમાં છે. તમામ દેશવાસીઓને અને વિશ્વભરમાં ફેલાયેલા કરોડો ભારતભક્તોને, રામભક્તોને, આજના આ પવિત્ર અવસર પર કોટિ-કોટિ અભિનંદન.

### શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટનો આભાર

મંચ પર બિરાજમાન ઉત્તર પ્રદેશ ગવર્નર શ્રીમતી આનંદીબહેન પટેલ, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથજી, પૂજ્ય નૃત્ય ગોપાલદાસજી મહારાજ અને આપણાં સૌના શ્રદ્ધેય શ્રી મોહન ભાગવતજી, આ મારું સૌભાગ્ય છે કે, શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટે મને આમંત્રિત કર્યો છે, આ ઐતિહાસિક પળનો સાક્ષી બનવાનો અવસર આપ્યો. હું તેના માટે હૃદયપૂર્વક શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટનો આભાર વ્યક્ત કરું છું.

રામ કાજુ કિન્હે બિનુ મોહિ કહાં બિશ્રામ.

### સ્વર્ણિમ અધ્યાયની રચના


ભારત આજે, ભગવાન ભાસ્કરના સાનિધ્યમાં સરયૂના કિનારે એક સ્વર્ણિમ અધ્યાયની રચના કરી રહ્યું છે. કન્યાકુમારીથી ક્ષીરભવાની સુધી, કોટેશ્વરથી કામાખ્યા સુધી, જગન્નાથથી કેદારનાથ સુધી, સોમનાથથી કાશી વિશ્વનાથ સુધી, સમ્મેત શિખરથી શ્રવણ બેલગોલા સુધી, બોધગયાથી સારનાથ સુધી, અમૃતસરથી પટના સાહિબ સુધી, અંદમાનથી અજમેર સુધી, લક્ષદ્વીપથી લેહ સુધી, આજે સંપૂર્ણ ભારત રામમય છે. આખો દેશ રોમાંચિત છે, બધા મન દીપમય છે. આજે સંપૂર્ણ ભારત લાગણીશીલ પણ છે. સદીઓની પ્રતીક્ષા આજે સમાપ્ત થઈ રહી છે. કરોડો લોકોને આજે એ વિશ્વાસ નથી થઈ રહ્યો કે, તેઓ પોતાને જીવતે જીવ આ પાવન દિવસને જોઈ રહ્યા છે.

### તૂટવું અને પછી ફરીથી ઊભા થવું, સદીઓથી ચાલી રહેલ આ વ્યતિક્રમમાંથી રામ જન્મભૂમિ આજે મુક્ત થઈ ગઈ

સાથીઓ, વર્ષોથી ટાટ અને ટેન્ટની નીચે રહી રહેલા આપણાં રામલલા માટે હવે એક ભવ્ય મંદિરનું નિર્માણ થશે. તૂટવું અને પછી ફરીથી ઊભા થવું, સદીઓથી ચાલી રહેલ આ વ્યતિક્રમમાંથી રામ જન્મભૂમિ આજે મુક્ત થઈ ગઈ છે. મારી સાથે ફરી એકવાર બોલો, જય સિયારામ, જય સિયારામ!!!

### તપ, ત્યાગ અને સંકલ્પનું પ્રતીક

સાથીઓ, આપણા સ્વતંત્રતા સંગ્રામ વખતે કેટલીય પેઢીઓએ પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી નાખ્યું હતું. ગુલામીના કાલખંડમાં એક સમય એવો નહોતો જ્યારે આઝાદી માટે આંદોલન ના ચાલતું હોય, દેશનો કોઈ ભૂભાગ એવો નહોતો, જ્યાં આઝાદી માટે બલિદાન ના આપવામાં આવ્યું હોય. ૧૫ ઓગસ્ટનો દિવસ તે અથાક તપનો, લાખો બલિદાનોના પ્રતીકનો છે, સ્વતંત્રતાની તે ઉત્કટ ઇચ્છા, તે ભાવનાનું પ્રતીક છે. બિલકુલ એ જ રીતે, રામ મંદિરની માટે કઈ કેટલીય સદીઓ સુધી, કેટ-કેટલીયે પેઢીઓએ અખંડ અવિરત એકનિષ્ઠ પ્રયાસ કર્યા છે. આજનો આ દિવસ તે જ તપ, ત્યાગ અને સંકલ્પનું પ્રતીક છે.



### હું તે બધા જ લોકોને આજે નમન કરું છું

રામ મંદિર માટે ચાલેલા આંદોલનમાં અર્પણ પણ હતું અને તર્પણ પણ હતું, સંઘર્ષ પણ હતો, સંકલ્પ પણ હતો. જેમના ત્યાગ, બલિદાન અને સંઘર્ષ વડે આજે આ સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે, જેમની તપસ્યા રામ મંદિરમાં પાયાની જેમ જોડાયેલી છે, હું તે બધા જ લોકોને આજે નમન કરું છું, તેમને વંદન કરું છું. સંપૂર્ણ સૃષ્ટિની શક્તિઓ, રામ જન્મભૂમિના પવિત્ર આંદોલન સાથે જોડાયેલ દરેક વ્યક્તિ, જે જ્યાં પણ છે, આ આયોજનને જોઈ રહ્યો છે, તે ભાવવિભોર છે, સૌને આશીર્વાદ આપી રહ્યો છે.

### અસ્તિત્વ નાબૂદ કરી દેવાના પ્રયાસો પણ ઘણા થયા, પરંતુ રામ આજે પણ આપણા મનમાં વસેલા છે

સાથીઓ, રામ આપણા મનમાં સ્થપાયેલા છે, આપણી અંદર ભળી ગયેલા છે. કોઈ કામ કરવું હોય, તો પ્રેરણા માટે આપણે ભગવાન રામની તરફ જ જોઈએ છીએ. તમે ભગવાન રામની અદ્ભુત શક્તિ જુઓ. ઇમારતો નષ્ટ કરી દેવામાં આવી, અસ્તિત્વ નાબૂદ કરી દેવાના પ્રયાસો પણ ઘણા થયા, પરંતુ રામ આજે પણ આપણાં મનમાં વસેલા છે, આપણી સંસ્કૃતિનો આધાર છે. શ્રી રામ ભારતની મર્યાદા છે, શ્રી રામ મર્યાદા પુરુષોત્તમ છે.

### હનુમાનજીના આશીર્વાદ વડે શ્રી રામ મંદિર ભૂમિપૂજનનું આ આયોજન શરૂ થયું

આ જ આલોકમાં અયોધ્યામાં રામ જન્મભૂમિ પર, શ્રી રામના આ ભવ્ય દિવ્ય મંદિર માટે ભૂમિપૂજન થયું છે. અહીંયાં આવતા પહેલાં, મેં હનુમાનગઢીના દર્શન કર્યાં. રામના બધાં જ કામ હનુમાન જ તો કરે છે. રામના આદર્શોની કલિયુગમાં રક્ષા કરવાની જવાબદારી પણ હનુમાનજીની જ તો છે. હનુમાનજીના આશીર્વાદ વડે શ્રી રામ મંદિર ભૂમિપૂજનનું આ આયોજન શરૂ થયું છે.



**લોકોએ પોતાનું મન અયોધ્યા જેવું બનાવવાનું છે - શ્રી મોહનજી ભાગવત**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહનજી ભાગવતે કહ્યું કે, રામમંદિર સાથે લોકોએ પણ પોતાનું મન અયોધ્યા જેવું બનાવવાનું છે. શ્રીરામના આદર્શો પર આધારિત બધાને જોડનારા, ઉપર ઉઠાવનારા, બધાની ઉન્નતિ કરનારા અને બધાને પોતાના માનનારા ધર્મની ધ્વજા ખભા પર લઈને સંપૂર્ણ વિશ્વને સુખ-શાંતિ આપનારા ભારતનું નિર્માણ કરવાનું છે. આ આપણા બધા માટે આનંદની ક્ષણ છે.

### આપણી રાષ્ટ્રીય ભાવનાનું પ્રતીક

સાથીઓ, શ્રી રામનું મંદિર આપણી સંસ્કૃતિનું આધુનિક પ્રતીક બનશે, આપણી શાશ્વત આસ્થાનું પ્રતીક બનશે, આપણી રાષ્ટ્રીય ભાવનાનું પ્રતીક બનશે, અને આ મંદિર કરોડો કરોડ લોકોના સામૂહિક સંકલ્પશક્તિનું પણ પ્રતીક બનશે. આ મંદિર આવનારી પેઢીઓને આસ્થા, શ્રદ્ધા અને સંકલ્પની પ્રેરણા આપતું રહેશે. આ મંદિરના બની ગયા પછી અયોધ્યાની માત્ર ભવ્યતા જ નહિ વધે, પરંતુ આ ક્ષેત્રનું સંપૂર્ણ અર્થતંત્ર પણ બદલાઈ જશે. અહીંયાં દરેક ક્ષેત્રમાં નવા અવસરો ઊભા થશે, દરેક ક્ષેત્રમાં અવસરો વધશે. જરા વિચાર કરો, આખી દુનિયામાંથી લોકો અહીંયાં આવશે, આખી દુનિયા પ્રભુ રામ અને માતા જાનકીનાં દર્શન કરવા આવશે. કેટલું બધું બદલાઈ જશે અહીંયાં.

### રામ મંદિરના નિર્માણની આ પ્રક્રિયા, રાષ્ટ્રને જોડવાનો પ્રયાસ છે

સાથીઓ, રામ મંદિરના નિર્માણની આ પ્રક્રિયા, રાષ્ટ્રને જોડવાનો પ્રયાસ છે. આ મહોત્સવ છે - વિશ્વાસને વિદ્યમાન સાથે જોડવાનો. નરને નારાયણ સાથે જોડવાનો. લોકને આસ્થા સાથે જોડવાનો. વર્તમાનને અતિત સાથે જોડવાનો. અને સ્વયંને સંસ્કાર સાથે જોડવાનો. આજની આ ઐતિહાસિક ક્ષણો યુગો-યુગો સુધી, દિગદિગંત સુધી ભારતની કૃતિપતાકાને લહેરાવતી રહેશે. આજનો આ દિવસ કરોડો રામ ભક્તોના સંકલ્પની સત્યતાનું પ્રમાણ છે.

### શ્રી રામના કામમાં મર્યાદાનું જે ઉદાહરણ પ્રસ્તુત થવું જોઈએ, દેશે તેવું જ ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે

આજનો આ દિવસ સત્ય, અહિંસા, આસ્થા અને બલિદાનની ન્યાયપ્રિય ભારતને એક અનુપમ ભેટ છે. કોરોના દ્વારા ઉત્પન્ન થયેલ સ્થિતિના કારણે ભૂમિપૂજનનો આ કાર્યક્રમ અનેક મર્યાદાઓ વચ્ચે થઈ રહ્યો છે. શ્રી રામના કામમાં મર્યાદાનું જે ઉદાહરણ પ્રસ્તુત થવું જોઈએ, દેશે તેવું જ ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે. આ



### રામમંદિરના શિલાન્યાસની આ ઐતિહાસિક પળ આનંદિત તથા ગૌરવાન્વિત કરનારી છે - શ્રી જગત પ્રકાશ નડ્ડાજી



પાંચમી ઓગસ્ટના રોજ ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જગત પ્રકાશ નડ્ડાજીએ રામમંદિરનો શિલાન્યાસ થયા પછી ટ્વિટ કરીને કહ્યું કે આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા અયોધ્યામાં શ્રીરામ જન્મભૂમિ મંદિરના ભૂમિપૂજન તથા શિલાન્યાસના મંગળ અવસરે સર્વે પૂજ્ય સંતોના ચરણે નમન કરું છું અને સમસ્ત દેશવાસીઓને વધાઈ અને શુભકામના પાઠવું છું. આ ઐતિહાસિક પળ દરેકને આનંદિત અને ગૌરવાન્વિત કરનારી છે.

શ્રી નડ્ડાજીએ કહ્યું કે ૫૦૦ વર્ષના દીર્ઘ સંઘર્ષ ઉપરાંત માનનીય સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા શ્રીરામ જન્મભૂમિ પર મંદિર બનાવવાનો માર્ગ પ્રશસ્ત કરવામાં આવ્યો છે અને એ ગૌરવનો વિષય છે કે સમાજના બધા જ વર્ગોએ આ નિર્ણયને સ્વીકાર્યો છે. શ્રીરામજીએ શીખવેલી મર્યાદાનું અનુસરણ કરીને આખા દેશે અનોખી મિસાલ દેખાડી છે.

તેમણે કહ્યું કે ઐતિહાસિક મંગળ અવસરે હું દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને ધન્યવાદ પાઠવું છું કે તેમણે લોકલાગણી તથા શ્રીરામ જન્મભૂમિ મંદિરનિર્માણ માટેના આપણા સંકલ્પને આજે ભૂમિપૂજન તથા શિલાન્યાસના માધ્યમથી સાકાર કર્યો. જય શ્રીરામ !

જ મર્યાદાનો અનુભવ આપણે ત્યારે પણ કર્યો હતો, જયારે માનનીય સર્વોચ્ચ અદાલતે પોતાનો ઐતિહાસિક નિર્ણય સંભળાવ્યો હતો. આપણે ત્યારે પણ જોયું હતું કે, કઈ રીતે બધા જ દેશવાસીઓએ શાંતિ સાથે, બધાની ભાવનાઓનું ધ્યાન રાખીને વ્યવહાર કર્યો હતો. આજે પણ આપણે બધી બાજુ તેવી જ મર્યાદા જોઈ રહ્યા છીએ.

### ઇતિહાસ પોતાની જાતનું પુનરાવર્તન પણ કરી રહ્યો છે

સાથીઓ, આ મંદિરની સાથે માત્ર નવો ઈતિહાસ જ નથી રચાઈ રહ્યો, પરંતુ ઈતિહાસ પોતાની જાતનું પુનરાવર્તન પણ કરી રહ્યો છે. જે રીતે ખિસકોલીથી લઈને વાનર અને કેવટથી લઈને વનવાસી બંધુઓને ભગવાન રામના વિજયનું માધ્યમ બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું, જે રીતે નાના-નાના ગોવાળોએ ભગવાન શ્રી કૃષ્ણ દ્વારા ગોવર્ધન પર્વત ઉપાડવામાં મોટી ભૂમિકા નિભાવી, જે રીતે માવળે, છત્રપતિ વીર શિવાજીની સ્વરાજ સ્થાપનાના નિમિત્ત બન્યા, જે રીતે ગરીબ પછાત, વિદેશી આક્રમણકારો સાથેની લડાઈમાં મહારાજ સુહેલદેવના સંબલ બન્યા, જે રીતે દલિતો પછાત આદિવાસીઓ, સમાજના દરેક વર્ગના આઝાદીની લડાઈમાં ગાંધીજીને સહયોગ આપ્યો, તે જ રીતે આજે દેશભરના લોકોના સહયોગ વડે રામ મંદિરના નિર્માણનું આ પુણ્ય કાર્ય પ્રારંભ થયું છે.

### ભારતની આસ્થા, ભારતના લોકોની સામૂહિકતાની આ અમોઘ શક્તિ, સંપૂર્ણ દુનિયા માટે અધ્યયનનો વિષય


જે રીતે પત્થરો પર શ્રી રામ લખીને રામસેતુ બનાવવામાં આવ્યો, તે જ રીતે ઘરે-ઘરેથી, ગામે ગામથી શ્રદ્ધાપૂર્વક પૂજાયેલ શિલાઓ, અહીંયાં ઊર્જાનો સ્રોત બની ગઈ છે. દેશભરનાં ધામો અને મંદિરોમાંથી લાવવામાં આવેલ માટી અને નદીઓનું જળ, ત્યાંનાં લોકો, ત્યાંની સંસ્કૃતિ અને ત્યાંની ભાવનાઓ, આજે અહીંની શક્તિ બની ગઈ છે. ખરેખર આ ન ભૂતો ન ભવિષ્યતિ છે. ભારતની આસ્થા, ભારતના લોકોની સામૂહિકતાની આ અમોઘ શક્તિ, સંપૂર્ણ દુનિયાની માટે અધ્યયનનો વિષય છે, સંશોધનનો વિષય છે.

### શ્રી રામનું ચરિત્ર સૌથી વધુ જે કેન્દ્રબિંદુ પર ફરે છે, તે છે સત્ય પર અડગ રહેવું

સાથીઓ, શ્રી રામચંદ્રને તેજમાં સૂર્ય સમાન, ક્ષમામાં પૃથ્વીની સમકક્ષ, બુદ્ધિમાં બૃહસ્પતિ સમાન અને યશમાં ઈન્દ્રની જેમ માનવામાં આવ્યા છે. શ્રી રામનું ચરિત્ર સૌથી વધુ જે કેન્દ્રબિંદુ પર ફરે છે, તે છે સત્ય પર અડગ રહેવું. શ્રી રામે સામાજિક સમરસતાને પોતાના શાસનની આધારશિલા બનાવી હતી. તેમણે ગુરુ વશિષ્ઠ પાસેથી જ્ઞાન, કેવટ પાસેથી પ્રેમ, શબરી પાસેથી માતૃત્વ, હનુમાનજી અને વનવાસી બંધુઓ પાસેથી સહયોગ અને પ્રજા પાસેથી વિશ્વાસ પ્રાપ્ત કર્યો.

### દિન દયાલ બિરીદુ સંભારી

ત્યાં સુધી કે એક ખિસકોલીના અસ્તિત્વનો પણ તેમણે સહર્ષ સ્વીકાર કર્યો. તેમનું અદ્ભુત વ્યક્તિત્વ, તેમની વીરતા, તેમની ઉદારતા, તેમની સત્યનિષ્ઠા, તેમની નિર્ભિકતા, તેમનું ધૈર્ય, તેમની દઢતા, તેમની તાત્ત્વિક દષ્ટિ યુગો-યુગો સુધી પ્રેરણા આપતી રહેશે. રામ પ્રજાને એકસમાન પ્રેમ કરે છે, પરંતુ ગરીબો અને દીન-દુખીઓ પર



તેમની વિશેષ કૃપા રહે છે. એટલા માટે તો માતા સીતા, રામજી માટે કહે છે-

'દિન દયાલ બિરીદુ સંભારી'

એટલે કે જે દીન છે, જે દુખી છે, તેમનું બગડેલું કામ બનાવનાર શ્રી રામ છે.

**ભારતની આસ્થામાં રામ છે ભારતના આદર્શોમાં રામ છે**

સાથીઓ, જીવનનું કોઈપણ એવું પાસું નથી, જ્યાં આપણા રામ પ્રેરણા ના આપતા હોય. ભારતની એવી કોઈ ભાવના નથી જેમાં પ્રભુ રામ ઝળકતા ના હોય. ભારતની આસ્થામાં રામ છે, ભારતના આદર્શોમાં રામ છે! ભારતની દિવ્યતામાં રામ છે, ભારતના દર્શનમાં રામ છે! હજારો વર્ષ પહેલાં વાલ્મીકિની રામાયણમાં જે રામ પ્રાચીન ભારતના પથનું પ્રદર્શન કરી રહ્યા હતા, જે રામ મધ્યયુગમાં તુલસી, કબીર અને નાનકના માધ્યમથી ભારતને બળ આપી રહ્યા હતા, તે જ રામ આઝાદીની લડાઈ વખતે બાપુનાં ભજનોમાં અહિંસા અને સત્યાગ્રહની શક્તિ બનીને ઉપસ્થિત હતા! તુલસીના રામ સગુણ રામ છે, તો નાનક અને કબીરના રામ નિર્ગુણ રામ છે!

**રામ જુદા-જુદા રૂપમાં મળશે પરંતુ રામ બધી જગ્યાએ છે રામ સૌના છે**

ભગવાન બુદ્ધ પણ રામ સાથે જોડાયેલા છે, તો સદીઓથી આ અયોધ્યા નગરી જૈન ધર્મની આસ્થાનું પણ કેન્દ્ર રહી છે. રામની આ જ સર્વવ્યાપકતા ભારતની વિવિધતામાં એકતાનું જીવનચરિત્ર છે! તમિલમાં કંબ રામાયણ તો તેલુગુમાં રઘુનાથ અને રંગનાથ રામાયણ છે. ઉડિયામાં રૂઇપાદ કાતેડપદી રામાયણ તો કન્નડામાં કુમુદેન્દુ રામાયણ છે. તમે કાશ્મીર

**આજનો દિવસ ભારત માટે એક ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ દિવસ છે - શ્રી અમિતભાઈ શાહ**



કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે ૫ ઑગસ્ટના રોજ અયોધ્યામાં શ્રીરામ મંદિરની શિલાન્યાસ વિધિ બાદ ટ્વિટ કરીને કહ્યું કે આજનો દિવસ ભારત માટે એક ઐતિહાસિક તથા ગૌરવપૂર્ણ દિવસ છે. પ્રભુ શ્રીરામની જન્મભૂમિ પર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા ભવ્ય રામમંદિરનું ભૂમિપૂજન તથા શિલાન્યાસ કરવામાં આવ્યો, જેણે મહાન ભારતીય સંસ્કૃતિ તથા સભ્યતાના ઇતિહાસનો એક સ્વર્ણિમ અધ્યાય લખ્યો છે અને એક નવા યુગની શરૂઆત કરી છે.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે અયોધ્યાજીમાં શ્રીરામ મંદિરનું નિર્માણ સદીઓથી દુનિયાભરમાં હિંદુઓની આસ્થાનું પ્રતીક રહ્યું છે. આજે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રીરામ જન્મભૂમિ તીર્થક્ષેત્રે રામ મંદિરનું ભૂમિપૂજન કરીને કરોડો લોકોની આસ્થાને સન્માનવાનું કાર્ય કર્યું છે. આ માટે હું હૃદયથી તેમનો આભાર વ્યક્ત કરું છું.

તેમણે કહ્યું કે પ્રભુ શ્રી રામજીના આદર્શ તથા વિચાર ભારતવર્ષના આત્મામાં વસે છે. તેમનું ચરિત્ર તથા જીવનદર્શન ભારતીય સંસ્કૃતિની આધારશિલા છે. શ્રીરામ મંદિર નિર્માણથી આ પુણ્યભૂમિ અયોધ્યાજી પુનઃ વિશ્વમાં પોતાના પૂર્ણ વૈભવ સાથે ઝગમગી ઊઠશે.

જશો તો તમને રામાવતાર ચરિત મળશે, મલયાલમમાં રામ ચરિત મળશે. બંગલામાં કૃત્તિવાસ રામાયણ છે, તો ગુરુ ગોવિંદસિંહે તો પોતે જ ગોવિંદ રામાયણ લખી છે. જુદી-જુદી રામાયણમાં જુદી-જુદી જગ્યાઓ પર રામ જુદા-જુદા રૂપમાં મળશે, પરંતુ રામ બધી જગ્યાએ છે, રામ સૌના છે. એટલા માટે રામ ભારતની 'અનેકતામાં એકતા'નું સૂત્ર છે.

**વિશ્વમાં કેટલાયે દેશો રામના નામને વંદન કરે છે**

સાથીઓ, વિશ્વમાં કેટલાયે દેશો રામના નામને વંદન કરે છે, ત્યાંનાં નાગરિકો, પોતાને શ્રી રામ સાથે જોડાયેલા માને છે. વિશ્વની સૌથી વધુ મુસ્લિમ જનસંખ્યા જે દેશમાં છે, તે છે ઇન્ડોનેશિયા. ત્યાં આપણા દેશની જ જેમ 'કાકાવિન રામાયણ, સ્વર્ણદ્વીપ રામાયણ, યોગેશ્વર રામાયણ જેવી કેટલીય અનોખી રામાયણ છે. રામ આજે પણ ત્યાં પૂજનીય છે. કંબોડિયામાં 'રમકેર રામાયણ છે, લાઓમાં 'ફ્રા લાક ફ્રા લામ રામાયણ છે, મલેશિયામાં 'હિકાયત સેરી રામ' તો થાઈલેન્ડમાં 'રામાકેન' છે! તમને ઈરાન અને ચીનમાં પણ રામના પ્રસંગ અને રામ કથાઓનો વૃત્તાંત મળશે.

શ્રીલંકામાં રામાયણની કથા જાનકી હરણના નામે સંભળાવવામાં આવે છે, અને નેપાળનો તો રામ સાથે આત્મીય સંબંધ, માતા જાનકી સાથે જોડાયેલો છે. એ જ રીતે દુનિયાના ખબર નહીં કેટ-કેટલાય દેશો છે, કેટલાય છેડા છે, જ્યાંની આસ્થામાં અથવા અતીતમાં, રામ કોઈ ને કોઈ રૂપમાં રચેલા પચેલા છે. આજે પણ ભારતની બહાર ડઝનબંધ એવા દેશો



છે જ્યાં, ત્યાંની ભાષામાં રામકથા, આજે પણ પ્રચલિત છે. મને વિશ્વાસ છે કે, આજે આ દેશોમાં પણ કરોડો લોકોને રામ મંદિરના નિર્માણનું કામ શરૂ થવાથી ઘણી સુખદ અનુભૂતિ થઈ રહી હશે. આખરે રામ બધાના છે, બધામાં છે.

**આજે દેશમાં ભગવાન રામનાં ચરણ જ્યાં જ્યાં પડ્યાં, ત્યાં રામ સર્કિટનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે**

સાથીઓ, મને વિશ્વાસ છે કે, શ્રી રામના નામની જેમ જ અયોધ્યામાં બનનાર આ ભવ્ય રામ મંદિર ભારતીય સંસ્કૃતિની સમૃદ્ધ વિરાસતનું દ્યોતક બનશે. મને વિશ્વાસ છે કે, અહીંયાં નિર્માણ પામનારું રામ મંદિર અનંતકાળ સુધી સંપૂર્ણ માનવતાને પ્રેરણા આપતું રહેશે. એટલા માટે આપણે એ બાબતની પણ ખાતરી કરવાની છે કે, ભગવાન શ્રી રામનો સંદેશ, રામ મંદિરનો સંદેશ, આપણી હજારો વર્ષો જૂની પરંપરાનો સંદેશ, કઈ રીતે આખા વિશ્વ સુધી સતત પહોંચે. કઈ રીતે આપણાં જ્ઞાન, આપણી જીવનદૃષ્ટિ વડે વિશ્વ પરિચિત થાય, આ આપણી, આપણી વર્તમાન અને ભાવિ પેઢીઓની જવાબદારી છે. તેને જ સમજીને આજે દેશમાં ભગવાન રામનાં ચરણ જ્યાં જ્યાં પડ્યાં, ત્યાં રામ સર્કિટનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

અયોધ્યા તો ભગવાન રામની પોતાની નગરી છે! અયોધ્યાની મહિમા તો પોતે ભગવાન શ્રી રામે ગાઈ છે-

**જન્મભૂમિ મમ પૂરી સુહાવની**

''જન્મભૂમિ મમ પૂરી સુહાવની.''

અહીંયાં રામ કહી રહ્યા છે, મારી જન્મભૂમિ અયોધ્યા અલૌકિક શોભા નગરી છે. મને ખુશી છે કે, આજે પ્રભુ રામની જન્મભૂમિની ભવ્યતા, દિવ્યતા વધારવા માટે અનેક ઐતિહાસિક કાર્યો થઈ રહ્યાં છે!

**સંપૂર્ણ પૃથ્વી પર શ્રી રામ જેવો નીતિવાન શાસક ક્યારેય થયો જ નથી**

સાથીઓ, આપણે ત્યાં શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે- ''રામ સદ્રશો રાજા, પૃથ્વિયામ્ નીતિવાન અભૂત'' અર્થાત્ કે, સંપૂર્ણ પૃથ્વી પર શ્રી રામ જેવો નીતિવાન શાસક ક્યારેય થયો જ નથી. શ્રી રામની શિક્ષા છે- ''નહીં દરિદ્ર કોઉ દુખી ન દીના''. કોઈપણ દુખી ના હોય, ગરીબ ના હોય. શ્રી રામનો સામાજિક સંદેશ છે - ''પ્રહષ્ટ નર નારીકઃ, સમાજ ઉત્સવ શોભિતઃ'' નર-નારી બધા જ સમાન રૂપે સુખી થાય. શ્રી રામનો નિર્દેશ છે- ''કચ્ચિત્ તે દયિતઃ સર્વે, કૃષિ ગોરક્ષ જીવિનઃ'' ખેડૂત, પશુપાલક બધા હમેશા ખુશ રહે. શ્રી રામનો આદેશ છે- ''કશ્ચિદવૃદ્ધાન્ચબાલાન્ચ, વૈદ્યાન મુખ્યાન્ રાઘવ. ત્રિભીઃ એતૈઃ વુભૂષસે''. વડીલોની, બાળકોની, ચિકિત્સકોની હંમેશા રક્ષા થવી જોઈએ. શ્રી રામનું આહ્વાન છે- ''જૌ સભીતઆવાસરનાઈ, રખિ હઉંતા હિ પ્રાન કી નાઈ''. જે શરણમાં આવે, તેની રક્ષા કરવાનું બધાનું કર્તવ્ય છે. શ્રી રામનું સૂત્ર છે - ''જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસી''. પોતાની માતૃભૂમિ સ્વર્ગ કરતાં પણ ચઢિયાતી હોય છે. અને ભાઈઓ અને બહેનો, આ પણ શ્રી રામની જ નીતિ છે- ''ભય બિનું હોઈ ન પ્રીતિ''. એટલા માટે આપણો દેશ જેટલો શક્તિશાળી હશે, તેટલી જ પ્રીતિ અને શાંતિ બનેલી રહેશે.


## શ્રીરામ મંદિર સુશાસનનું પ્રતીક હશે - શ્રી લાલકૃષ્ણ અડવાણીજી



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા અયોધ્યામાં શ્રીરામ મંદિરનો શિલાન્યાસ કરવાના અવસરના એક દિવસ પહેલાં, ૪ ઓગસ્ટના રોજ ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ ઉપ-પ્રધાનમંત્રી શ્રી લાલકૃષ્ણ અડવાણીજીએ કહ્યું હતું કે આ તેમના માટે અને બધા જ ભારતીયો માટે એક ઐતિહાસિક અને ભાવનાત્મક દિવસ છે. તેમણે કહ્યું હતું કે આ મંદિર માટે ૧૯૯૦માં સોમનાથથી અયોધ્યા સુધી શ્રીરામ રથયાત્રા નીકાળવાનું દાયિત્વ પોતે નિભાવ્યું હતું.

આ નિવેદનમાં તેમણે કહ્યું કે આ તેમની ધારણા છે કે શ્રીરામ મંદિર બધા માટે ન્યાયની સાથે એક મજબૂત, સમૃદ્ધ, શાંતિપૂર્ણ અને સામંજસ્યપૂર્ણ રાષ્ટ્રના રૂપમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. શ્રીરામ મંદિર સુશાસનનું પ્રતીક હશે.

તેમણે કહ્યું કે ભારતની સાંસ્કૃતિક અને સભ્યતાની વિરાસતમાં શ્રીરામનું બહુ જ આદરણીય સ્થાન છે. તેઓ સન્માન, અનુગ્રહ અને મર્યાદાના પ્રતીક છે. મને વિશ્વાસ છે કે આ મંદિર બધા જ ભારતીયોને તેમના ગુણોને આત્મસાત્ કરવાની પ્રેરણા આપશે.





### પાંચસો વર્ષ પછી આજે ૧૩૫ કરોડ ભારતવાસીઓનો સંકલ્પ પૂરો થઈ રહ્યો છે - શ્રી યોગી આદિત્યનાથ

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથે અયોધ્યામાં ૫ ઑગસ્ટના રોજ રામ મંદિરની શિલાન્યાસ વિધિ બાદ કહ્યું કે પાંચ સદી પછી આજે ૧૩૫ કરોડ ભારતવાસીઓનો સંકલ્પ પૂરો થઈ રહ્યો છે. દેશમાં લોકતાંત્રિક ઢાંચાથી જ મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે. આ અવસરની પ્રતીક્ષામાં કેટલીયે પેઢીઓ પસાર થઈ ચૂકી છે. તેમણે કહ્યું કે શ્રી નરેન્દ્રભાઈ મોદીની સૂઝબૂજ અને પ્રયાસોના કારણે આજે ભારતીયોનો સંકલ્પ પૂરો થઈ રહ્યો છે. અમે ૩ વર્ષ પહેલાં અયોધ્યામાં દીપોત્સવનો કાર્યક્રમ શરૂ કર્યો હતો, આજે તેનાં સુફળ મળી રહ્યાં છે. તેમણે કહ્યું કે સરકાર દ્વારા પહેલાં રામાયણ સર્કિટનું કામ શરૂ કરવામાં આવ્યું, સાથે જ અયોધ્યામાં વિકાસકાર્યો થઈ રહ્યાં છે.

કાર્યક્રમ બાદ શ્રી યોગીજીએ ટ્વિટ કરીને કહ્યું કે મર્યાદાની પ્રતિમૂર્તિ, પુરુષોત્તમ શ્રી અવધપુરીના પ્રાણપ્રિય રાજા શ્રી રામના દિવ્ય મંદિરનિર્માણનો માર્ગ નિશ્ચિત કરવાના હેતુસર આદરણીય પ્રધાનમંત્રી શ્રી મોદીજીનો આભાર માનું છું. ભાવવિભોર કરનારા આ ઐતિહાસિક અવસર પર પ્રત્યેક દેશવાસીનું હૃદય આહ્લાદિત છે, હર્ષિત અને મુદિત છે.

### રામનું જીવન, તેમનું ચરિત્ર જ ગાંધીજીના રામરાજ્યનો માર્ગ

રામની આ નીતિ અને રીતિ સદીઓથી ભારતનું માર્ગદર્શન કરતી આવી છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ આ જ સૂત્રો, આ જ મંત્રોના આલોકમાં, રામરાજ્યનું સપનું જોયું હતું. રામનું જીવન, તેમનું ચરિત્ર જ ગાંધીજીના રામરાજ્યનો માર્ગ છે.

સાથીઓ, સ્વયં પ્રભુ શ્રીરામે કહ્યું છે-દેશકાલ અવસર અનુહારી, બોલે વચન બિનીત બિચારી.

અર્થાત્, રામ સમય, સ્થાન અને પરિસ્થિતિઓ મુજબ બોલે છે, વિચારે છે, કરે છે.

### શ્રી રામના આદર્શોની સાથે ભારત આજે આગળ વધી રહ્યું છે

રામ આપણને સમયની સાથે આગળ વધવાનું શીખવાડે છે, ચાલતાં શીખવાડે છે. રામ પરિવર્તનના પક્ષધર છે, રામ આધુનિકતાના હિમાયતી છે. તેમની આ જ પ્રેરણાઓ સાથે, શ્રી રામના આદર્શોની સાથે ભારત આજે આગળ વધી રહ્યું છે.

### જ્યારે-જ્યારે માનવતાએ રામને માન્યા છે, વિકાસ થયો છે, જ્યારે-જ્યારે આપણે ભટક્યા છીએ ત્યારે વિનાશના રસ્તા ખૂલ્યા છે

સાથીઓ, પ્રભુ શ્રી રામે આપણને કર્તવ્યપાલનની શિક્ષા આપી છે, પોતાનાં કર્તવ્યોને કઈ રીતે નિભાવવામાં આવે તેની શિક્ષા આપી છે. તેમણે આપણને વિરોધથી નીકળીને, બોધ અને શોધનો પથ પ્રદર્શિત કર્યો છે. આપણે પારસ્પરિક પ્રેમ અને બંધુત્વના બંધન વડે રામ મંદિરની આ શિલાઓને જોડવાની છે. આપણે ધ્યાન રાખવાનું છે, જ્યારે-જ્યારે માનવતાએ રામને માન્યા છે, વિકાસ થયો છે, જ્યારે-જ્યારે આપણે ભટક્યા છીએ ત્યારે વિનાશના રસ્તા ખૂલ્યા છે. આપણે બધાની ભાવનાઓનું ધ્યાન રાખવાનું છે. આપણે સૌના સાથ વડે, સૌના વિશ્વાસ સાથે, સૌનો વિકાસ કરવાનો છે. પોતાના પરિશ્રમ, પોતાની સંકલ્પશક્તિ દ્વારા એક આત્મવિશ્વાસી અને આત્મનિર્ભર ભારતનું નિર્માણ કરવાનું છે.

સાથીઓ, તમિલ રામાયણમાં શ્રી રામ કહે છે-''કાલમ્ તાય, ઈણ્ડ ઈનુમ ઈરૃત્તિ પોલામ્''

### હવે મોડું નથી કરવાનું, હવે આપણે આગળ વધવાનું છે

ભાવ એ છે કે, હવે મોડું નથી કરવાનું, હવે આપણે આગળ વધવાનું છે. આજે ભારતના માટે પણ, આપણા સૌના માટે પણ, ભગવાન રામનો એ જ સંદેશ છે. મને વિશ્વાસ છે, આપણે સૌ આગળ વધીશું, દેશ આગળ વધશે. ભગવાન રામનું આ મંદિર યુગો-યુગો સુધી માનવતાને પ્રેરણા આપતું રહેશે, માર્ગદર્શન કરતું રહેશે! જો કે, કોરોનાના કારણે જે રીતે સંજોગો છે, પ્રભુ રામનો મર્યાદાનો માર્ગ આજે હજુ વધારે જરૂરી છે.

### તમામ દેશવાસીઓને પ્રભુ રામ સ્વસ્થ રાખે, સુખી રાખે, એ જ પ્રાર્થના

વર્તમાનની મર્યાદા છે, બે ગજની દૂરી-માસ્ક છે જરૂરી. મર્યાદાઓનું પાલન કરીને તમામ દેશવાસીઓને પ્રભુ રામ સ્વસ્થ રાખે, સુખી રાખે, એ જ પ્રાર્થના છે. બધા જ દેશવાસીઓ પર માતા સીતા અને શ્રી રામના આશીર્વાદ હંમેશા બનેલા રહે. એ જ શુભકામનાઓ સાથે, બધા દેશવાસીઓને ફરી એકવાર અભિનંદન!

બોલો સિયાવર રામચંદ્રની જય!!



**ભારત સર્વસત્તાધીશ-જગતજનની બને - વિશ્વગુરુ બને એ દિવસોની શરૂઆત થઈ ગઈ છે**




# અયોધ્યામાં ભવ્ય રામમંદિરના નિર્માણથી રાષ્ટ્રનિર્માણની નેમ સાકાર થશે - મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અયોધ્યામાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે રામ જન્મભૂમિ સ્થાને રામમંદિરના ભૂમિપૂજનથી રામમંદિરના ભવ્ય નિર્માણથી રાષ્ટ્રનિર્માણની નેમ સાકાર થશે તેવો વિશ્વાસ દર્શાવ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ દેશની એકતા અખંડિતતા, સ્વાભિમાન, સંસ્કૃતિ પરંપરા અને માનબિંદુઓની રક્ષા માટે આ રામમંદિર નિર્માણ આવનારા દિવસોમાં એક મહત્ત્વપૂર્ણ પરિબળ બનશે એમ પણ ઉમેર્યું છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ અયોધ્યામાં પ્રધાનમંત્રીશ્રીના હસ્તે રામમંદિર ભૂમિપૂજનના અવસરને ૨૧મી સદીના ઈતિહાસની સુવર્ણઅક્ષરે લખાનારી ઘટના ગણાવતાં ભારત માતા જગતજનની બને, વિશ્વગુરુ બને તે દિશામાં આપણે આગળ વધવાનું છે એમ આ પ્રસંગની ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ મુખ્યમંત્રી નિવાસસ્થાનેથી સી.એમ. ડેશબોર્ડના માધ્યમથી અયોધ્યા ખાતે પ્રધાનમંત્રીશ્રીના હસ્તે થયેલું રામમંદિર ભૂમિપૂજનનું જીવંત પ્રસારણ શ્રદ્ધાપૂર્વક નિહાળ્યું હતું.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, પાંચ સૈકા પછી રામભક્તો માટે રામલલાને એમના જન્મસ્થાનમાં ભવ્યતાપૂર્વક પુનઃ પ્રસ્થાપિત કરવાનો આ સ્વર્ણિમ અવસર છે. પાંચ શતાબ્દી-પાંચસો વર્ષની તપસ્યા અને શ્રદ્ધા આજે રામલલાના ભવ્ય મંદિરના ભૂમિપૂજનથી સાકાર થવા જઈ રહી છે.

કરોડો હિન્દુઓના હૃદયમાં બિરાજતા ભગવાન શ્રી રામના જન્મસ્થળે અનેક વિવાદો બાદ સુપ્રીમ કોર્ટે ચુકાદો આપીને રસ્તો સરળ કરી દેતાં રામમંદિર નિર્માણ થવાનું છે એમ તેમણે ઉમેર્યું હતું.


શ્રી વિજયભાઈ રૂપાણીએ વધુમાં જણાવ્યું કે, 'સોગંદ રામ કી ખાતે હૈં, મંદિર વહીં બનાયેંગે'નો નારો આજે ચરિતાર્થ થાય છે. દેશભરમાં આજે દિવાળીના પ્રસંગ જેવો માહોલ છે.

૧૪ વર્ષના વનવાસ બાદ ભગવાન રામ અયોધ્યા પરત પધાર્યા ત્યારે અવધપુરીમાં જે આનંદ ઓચ્છવ હતો તેવો જ ઉમંગ આજે સરયૂ નદીના તીરે છલકે છે. આ સાથે સાથે સમગ્ર દેશમાં જન-જનના હૃદયમાં પણ આનંદ છલકાઈ રહ્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, ગુજરાતી તરીકે આપણે સૌ ગૌરવ લઈ શકીએ કે રામમંદિરના નિર્માણમાં ગુજરાત અનેક કારસેવકો અને ગુજરાતીઓનું યોગદાન પહેલેથી જ અહેમ ભૂમિકામાં રહ્યું છે.

આ રામમંદિરના નિર્માણમાં જે સરળતાથી સુપ્રીમ કોર્ટમાં ચુકાદાથી આજે જે નિર્ણયથી, બધાની સર્વસંમતિથી, શાંતિથી, આનંદથી આ પર્વ અને આજનું ખાતમુહૂર્ત થઈ રહ્યું છે એ માટે સંપૂર્ણ યશના ભાગીદાર ગુજરાતના બે સપૂત શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રી અમિતભાઈ શાહ નિમિત્ત બન્યા છે એમ તેમણે જણાવ્યું હતું. શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, ૧૯૮૯ની ૧૬મી ઓગસ્ટે રક્ષાબંધના પવિત્ર તહેવારે રામમંદિર માટેની પહેલ ઈંટનું પૂજન બી.એ.પી.એસ.ના વડા પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજે કરેલું. ત્યારબાદ દેશભરમાં સપ્ટેમ્બર-૧૯૮૯થી રામમંદિરના નિર્માણની હજારો-લાખો ઈંટના પૂજનની શરૂઆત થઈ હતી.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ૧૯૯૦ સપ્ટેમ્બર મહિનામાં શ્રદ્ધેય લાલકૃષ્ણ અડવાણીજીએ રામમંદિર



નિર્માણની આહલેક સાથે જે દેશવ્યાપી રથયાત્રા શરૂ કરી તેનો પ્રારંભ પણ ગુજરાતના સોમનાથ ધામથી શરૂ થયેલો. સાથો-સાથ આપણા સૌના લોકપ્રિય અને સવાયા ગુજરાતી સપૂત પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વની સરકારે રામ જન્મભૂમિના સ્થળે અયોધ્યામાં રામમંદિરના નિર્માણની મુહિમ ચલાવી.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, ‘સાચ કો આંચ નહીં, ભગવાન કે ઘર દેર હૈ, અંધેર નહીં’. ૯મી નવેમ્બર-૨૦૧૯ના દિવસે આ દેશની સર્વોચ્ચ અદાલતે ઐતિહાસિક ફેંસલો આપીને ૨.૭ એકર જમીન અયોધ્યામાં રામમંદિર માટે ટ્રસ્ટને આપવાનો ચુકાદો આપ્યો. માત્ર ૩ જ મહિનામાં એટલે કે ૫મી ફેબ્રુઆરીએ પ્રધાનમંત્રી આદરણીય નરેન્દ્રભાઈએ રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટની સ્થાપના કરી. આજે ૬ જ મહિનામાં ૫મી ઓગસ્ટે તેમના જ હાથે ૪૦ કિલો ચાંદીની ઈંટ સાથે રામલલાના મંદિરનું ભૂમિપૂજન સંપન્ન થવાનું છે. ‘જે કહેવું તે કરવું - કરની અને કથની’ બેય સમાન એ શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીએ કેળવેલા આગવા સંસ્કાર છે એમ તેમણે જણાવ્યું હતું.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, આજે આ સંસ્કાર ઉજાગર કરીને શ્રી રામ જન્મભૂમિ સ્થળે મંદિરનિર્માણની પ્રથમ ઈંટ મુકાઈ રહી છે ત્યારે ‘પુનિ દેખું અવધપુરી અતિ પાવની, ત્રિવિધ તાપ ભય રોગ નસાવની’ હિન્દુઓના મન-મસ્તિષ્કમાં સાકાર થઈ રહ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું કે, જો ભારતમાં અને વિશ્વમાં કોરોનાની મહામારીનું સંકટ ના હોત તો આ શિલાન્યાસ ઉત્સવ વિશ્વનો સૌથી મોટો ધાર્મિક મેળાવડો બન્યો હોત એમાં કોઈ બે મત નથી.

મુખ્યમંત્રીશ્રીએ રામમંદિરનું નિર્માણ એક અને અખંડ ભારતના કરોડો હિન્દુઓનું સપનું સાકાર થવાનો અવસર છે એમ પણ જણાવ્યું હતું.

## ભગવાન શ્રી રામના ભવ્ય મંદિરનું ભૂમિપૂજન ગુજરાતના પનોતાપુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવ્યું તે ગુજરાત માટે ખૂબ ગૌરવપૂર્ણ



૫ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ અયોધ્યા ખાતે ભગવાન શ્રી રામના ભવ્ય મંદિરના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે થયેલ ભૂમિપૂજન અને શિલાન્યાસ સમારોહના ઐતિહાસિક પ્રસંગને માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે આવકારી ગુજરાતના પનોતા પુત્રો પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહને શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યાં હતાં.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, પાંચ શતાબ્દીની તપસ્યા, સંઘર્ષ, બલિદાન અને કરોડો દેશવાસીઓની શ્રદ્ધાથી તથા અનેક વિવાદો બાદ નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ભગવાન શ્રીરામના ભવ્ય મંદિરનું ભૂમિપૂજન સમગ્ર ગુજરાત સહિત દેશવાસીઓ માટે આનંદ અને ગૌરવનો પ્રસંગ બન્યો છે. દેશના કરોડો હિન્દુઓની આસ્થાના અને શ્રદ્ધાનું પ્રતીક એવા ભગવાન શ્રી રામના જન્મસ્થળે ભવ્ય મંદિરનિર્માણનું કાર્ય શરૂ થયું છે ત્યારે “સોગંદ રામ કી ખાતે હૈં, મંદિર વહીં બનાયેંગે”નો નારો આજે ચરિતાર્થ થયો છે. સમગ્ર દેશમાં આજે દિવાળીના પ્રસંગ જેવો માહોલ છે.

ગુજરાત ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે ભગવાન શ્રીરામ મંદિરનિર્માણના શિલાન્યાસ પ્રસંગને વધાવતાં સુરત ખાતે આયોજિત સમારોહમાં ઉપસ્થિત રહી ભગવાન શ્રીરામની પૂજા-અર્ચના કરી હતી. જેમણે શ્રીરામ ભગવાનના ભવ્ય મંદિરના નિર્માણ માટે સહકાર્ય કર્યું, જે રામ-સેવકોએ કારસેવા કરી, જેમણે પણ પ્રાણોની આહુતિ આપી તે સૌનું સ્મરણ કર્યું હતું અને જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે સંપન્ન થયેલ ભગવાન શ્રીરામના ભવ્ય મંદિરના નિર્માણનો શિલાન્યાસ સમારોહ કરોડો દેશવાસીઓની અપેક્ષા, આકાંક્ષાઓ અને સંકલ્પનું પ્રતિબિંબ બન્યો છે. આજે કરોડો દેશવાસીઓની આતુરતાનો અંત આવ્યો છે. સમગ્ર દેશમાં આજે અનેરા આનંદ-ઉત્સાહનું વાતાવરણ સર્જાયું છે. ભગવાન શ્રી રામના ભવ્ય મંદિરનું ભૂમિપૂજન ગુજરાતના પનોતાપુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવ્યું તે સમગ્ર ગુજરાત માટે ખૂબ ગૌરવપૂર્ણ બાબત છે.



## ઉચ્ચ શિક્ષણ કોનક્લેવમાં પ્રધાનમંત્રીશ્રીનું સંબોધન



# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ એ માત્ર કોઈ સર્ક્યુલર નથી ભારતમાં વર્તમાન અને ભવિષ્યનું ઘડતર કરવા માટે આ કાર્ય એક મહાયજ્ઞની જેમ કરવાનું છે

**- શ્રી નરેન્દ્રભાઈ મોદી**

**લોકો વર્ષોથી ચાલી આવી રહેલી આ શિક્ષણનીતિમાં પરિવર્તન ઈચ્છતા હતા**

નેશનલ એજ્યુકેશન પોલિસી એટલે કે રાષ્ટ્રીય શિક્ષણનીતિ બાબતે આજનો આ સમારોહ ખૂબ જ મહત્ત્વનો છે. આ સમારોહમાં ભારતના શિક્ષણજગતનાં વિવિધ પાસાં બાબતે વિસ્તૃત જાણકારી મળશે. જેટલી વધુ જાણકારી સ્પષ્ટ થશે તેટલી જ રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલમાં આસાની રહેશે.


સાથીઓ, ૩-૪ વર્ષના વ્યાપક વિચાર-વિમર્શ પછી, લાખો સૂચનો ઉપર લાંબા મંથન પછી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આજે દેશભરમાં તેની વ્યાપક ચર્ચા ચાલી રહી છે. અલગ-અલગ ક્ષેત્રોના લોકોને અલગ-અલગ વિચારધારાના લોકો પોતાના વિચારો આપી રહ્યા છે, રાષ્ટ્રીય શિક્ષણનીતિની સમીક્ષા કરી રહ્યા છે. આ એક તંદુરસ્ત ચર્ચા છે. જેટલી વધુ ચર્ચા થશે તેટલો વધુ લાભ શિક્ષણવ્યવસ્થાને મળવાનો છે. આનંદની બાબત એ છે કે, રાષ્ટ્રીય શિક્ષણનીતિના આગમન પછી દેશના કોઈપણ ક્ષેત્રમાં કે દેશના કોઈપણ વર્ગમાં એવી વાત થઈ નથી કે તેમાં કોઈ પૂર્વગ્રહ છે અથવા તો તેનું વલણ કોઈ એક તરફનું છે. આ બાબત નિર્દેશ આપે છે કે, લોકો વર્ષોથી ચાલી આવી રહેલી આ શિક્ષણનીતિમાં પરિવર્તન ઈચ્છતા હતા, જે તેમને હવે જોવા મળ્યું છે.

**જ્યાં સુધી રાજકીય ઇચ્છાશક્તિને સંબંધ છે, હું તેના માટે સંપૂર્ણપણે કટિબધ્ધ છું**

કેટલાક લોકોના મનમાં એ સવાલ થાય તે સ્વાભાવિક છે કે, આટલા મોટા સુધારા કાગળ ઉપર તો કરી લીધા, પરંતુ તેને જમીન પર ઉતારવાનું એટલે કે, તેના અમલીકરણ તરફ સૌની નજર મંડાયેલી છે. આ પડકાર જોઈને વ્યવસ્થાઓ ગોઠવવા માટે અને જ્યાં પણ થોડાક સુધારાની જરૂર હોય તો ત્યાં તે સુધારા આપણે બધાએ સાથે મળીને જ કરવાના છે. આપ સૌ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સાથે સીધી રીતે જોડાયેલા છો અને એટલા માટે જ તમારી ભૂમિકા ખૂબ જ મહત્ત્વની છે. જ્યાં સુધી રાજકીય ઈચ્છાશક્તિને સંબંધ છે, હું તેના માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છું અને તમારી સાથે ઊભો છું.

**સમય અને ઝડપથી બદલાતી જતી જરૂરિયાતો મુજબ ભણશે તો તે રાષ્ટ્રનિર્માણમાં રચનાત્મક ભૂમિકા બજાવી શકશે**

સાથીઓ, દરેક દેશ પોતાની શિક્ષણવ્યવસ્થાને પોતાનાં રાજકીય મૂલ્યો સાથે જોડીને પોતાના રાષ્ટ્રીય ધ્યેય અનુસાર સુધારા કરતાં આગળ વધે છે. ઈરાદો એવો હોય છે કે, દેશને એવી શિક્ષણપદ્ધતિ મળે કે જે હાલની અને આવનારી પેઢીઓને ભવિષ્ય માટે સજ્જ બનાવે. ભારતની રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો આધાર અને વિચારધારા પણ કંઈક આવી જ છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૧મી સદીના ભારતનો, એક નવા ભારતનો પાયો તૈયાર કરવાની છે. ૨૧મી સદીના ભારતને, આપણાં યુવાનોને જે રીતનું શિક્ષણ આપવું જોઈએ, જે પ્રકારના કૌશલ્ય પૂરાં પાડવાં જોઈએ તે બાબતો ઉપર આ શિક્ષણનીતિ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. ભારતને શક્તિશાળી બનાવવા માટે, વિકાસની નવી ઊંચાઈ પર લઈ જવા માટે, ભારતના નાગરિકોને વધુ સશક્ત કરવા માટે, તેમને વધુ ને વધુ તકને



- કેન્દ્રીય કેબિનેટે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી)ને મંજૂરી આપી છે. સૌ પ્રથમ રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૧૯૮૬માં ડ્રાફ્ટ કરવામાં આવી હતી અને ૧૯૯૨માં તેને અપડેટ કરવામાં આવી હતી. ૨૦૧૪ની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના ચૂંટણી મેનિફેસ્ટોનો ભાગ હતો.
- એચઆરડી મંત્રાલયનું નામ બદલીને શિક્ષણ મંત્રાલય રાખવામાં આવ્યું છે.
- સરકાર શિક્ષણક્ષેત્રે રોકાણ / ફાળવણી ૪.૩% થી વધારીને વહેલી તકે જીડીપીના ૬ % ટકા સુધી પહોંચવાનું લક્ષ્ય ધરાવે છે.
- નવી નીતિમાં સિંગલ રેગ્યુલેટર - હાયર એજ્યુકેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (HECI)ની કલ્પના કરવામાં આવી છે. HECI બી.એડ. એજ્યુકેશન સહિત ઉચ્ચ શિક્ષણક્ષેત્ર કોમન અને એકમાત્ર નિયમનકાર (regulator) તરીકે કાર્ય કરશે.
- શિક્ષાનીતિ - ૨૦૨૦માં એક વાત કહેવામાં આવી છે કે તેને ભારત કેન્દ્રિત બનાવવામાં આવશે. એટલે કે, સંસ્કૃતના અધ્યયન ઉપર ભાર મૂકવો જોઈએ જેથી વિદ્યાર્થીઓ ભારતની સંસ્કૃતિને સમજી શકે અને તેનો લાભ લઈ શકે. આ ઉપરાંત, એ પણ ધ્યાન આપ્યું છે કે શિક્ષણને માત્ર મગજ જ નહીં, પણ શરીર અને મનની જરૂરિયાતો પૂરી કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે.
- નવી શિક્ષણનીતિમાં શિક્ષકને તાલીમ આપવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આમાં, શાળાના શિક્ષકોથી ઉચ્ચ શિક્ષણ સુધી સારા શિક્ષકો માટેના તાલીમ કાર્યક્રમો અને પદ્ધતિઓમાં ફેરફાર કરવાની ભલામણ કરવામાં આવી છે.
- એમ ફિલ અભ્યાસક્રમ બંધ કરવામાં આવશે. પીએચડી કરવા માટે હવે માસ્ટરની ડિગ્રી અથવા સંશોધન સાથે ચાર વર્ષની બેચલર ડિગ્રીની જરૂર પડશે.
- નવી નીતિનો હેતુ ૨૦૩૦ સુધીમાં શાળાશિક્ષણમાં ૧૦૦% ગ્રોસ એનરોલમેન્ટ રેટ સાથે પ્રાથમિક શાળાથી માધ્યમિક સ્તર સુધીના શિક્ષણનું સાર્વત્રીકરણ કરવાનો છે
- NEP ૨૦૨૦, NIOS અને રાજ્ય ઓપન શાળાઓ દ્વારા ૩, ૫ અને ૮ ના વર્ગ માટે open શિક્ષણ, ધોરણ ૧૦ અને ૧૨ ની સમકક્ષ માધ્યમિક શિક્ષણ કાર્યક્રમો, વ્યાવસાયિક અભ્યાસક્રમો, પુખ્ત સાક્ષરતા અને જીવન-સંવર્ધન કાર્યક્રમોની જોગવાઈ કરે છે.
- NEP ૨૦૨૦ બે કરોડ શાળા બહારના બાળકોને પાછા મુખ્ય પ્રવાહમાં લાવશે..
- નવી શિક્ષણનીતિ હેઠળ, ૧૦ + ૨ નું બંધારણ સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવ્યું છે. તેની જગ્યાએ ૫ + ૩ + ૩ + ૪ વર્ષની વયનું માળખું અમલી કરવામાં આવેલું છે. જે અનુક્રમે ૩-૮, ૮-૧૧, ૧૧-૧૪ અને ૧૪-૧૮ વર્ષ વયજૂથનાં બાળકોને આવરી લેવામાં આવશે. આમ અત્યાર સુધી ન આવરી લેવાયાં હોય તેવાં ૩-૬ વયજૂથનાં બાળકો શાળાના અભ્યાસક્રમ હેઠળ, જેને વૈશ્વિક સ્તરે એક બાળકની માનસિક શિક્ષકોના વિકાસ માટેના નિર્ણાયક તબક્કા તરીકે માન્યતા આપવામાં આવી છે.
- હાલમાં શાળાશિક્ષણમાં ૧૦ + ૨ માળખામાં ૩થી ૧૮ વર્ષના સમયમાં હાલમાં ૩-૬ વર્ષની વય જૂથનાં બાળકો ૧૦ + ૨ બંધારણમાં આવરી લેવામાં આવતાં નથી, કારણ કે વર્ગ ૧માં અભ્યાસ ૬ વર્ષની ઉંમરેથી શરૂ થાય છે.

અનુકૂળ બનાવવા માટે આ એજ્યુકેશન પોલિસીમાં ખાસ ભાર આપવામાં આવ્યો છે. ભારતનો વિદ્યાર્થી, પછી ભલેને તે નર્સરીનો વિદ્યાર્થી હોય કે પછી કોલેજમાં વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરતો વિદ્યાર્થી હોય, સમય અને ઝડપથી બદલાતી જતી જરૂરિયાતો મુજબ ભણશે તો તે રાષ્ટ્રનિર્માણમાં રચનાત્મક ભૂમિકા બજાવી શકશે.

**ક્ષમતા અને માંગનો તાગ મેળવ્યા વગર સ્પર્ધા કરવાની પ્રવૃત્તિમાંથી શિક્ષણને બહાર કાઢવું જરૂરી**

સાથીઓ, વિતેલાં અનેક વર્ષોમાં આપણી શિક્ષણપદ્ધતિમાં અનેક ફેરફાર થયા છે અને તેનું પરિણામ એ આવ્યું છે કે, કુતૂહલ અને કલ્પનાશક્તિ જેવા મૂલ્યોને પ્રોત્સાહન આપવાને બદલે ગાડરિયા પ્રવાહને પ્રોત્સાહન મળવા માંડ્યું છે. ક્યારેક ડોક્ટર બનવા માટે સ્પર્ધા હોય છે, તો ક્યારેક એન્જિનિયર બનવા માટે દોડાદોડી હોય છે, ક્યારેક વકિલ બનવાની પણ સ્પર્ધા હોય છે, પરંતુ રુચિ, ક્ષમતા અને માંગનો તાગ મેળવ્યા વગર સ્પર્ધા કરવાની પ્રવૃત્તિમાંથી શિક્ષણને બહાર કાઢવું જરૂરી હતું. આપણા વિદ્યાર્થીઓમાં,



આપણાં યુવાનોમાં ગંભીર વિચારણા અને નવતર પ્રકારની વિચારણા કરવાની ટેવ કેવી રીતે વિકસી શકે તે જોવાનું છે. જ્યાં સુધી આપણા શિક્ષણમાં ભાવના ના હોય, વિચારધારા ના હોય, શિક્ષણ ના હોય, શિક્ષણનો ઉદ્દેશ ના હોય તો કેમ ચાલશે ?

આજે ગુરુવર રવીન્દ્રનાથ ટાગોરની પુણ્યતિથિ છે. તેઓ કહેતા હતા કે, "ઉચ્ચતમ શિક્ષણ તેને કહી શકાય કે જે આપણને માત્ર જાણકારી જ નહીં, પરંતુ આપણા જીવનના સમગ્ર અસ્તિત્વમાં સદ્ભાવ લાવે છે." ચોક્કસપણે રાષ્ટ્રીય શિક્ષણનીતિ વ્યાપક ધ્યેય ધરાવે છે. આ શિક્ષણનીતિ અંગે ટુકડાઓમાં વિચારવાના બદલે સમગ્રલક્ષી અભિગમ અપનાવવાની જરૂર હતી, તેને સામે રાખવામાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ સફળ રહી છે.

**વૈશ્વિક નાગરિકો તો બને જ, પણ સાથે-સાથે પોતાનાં મૂળિયાં સાથે પણ જોડાયેલા રહે**

સાથીઓ, આજે જ્યારે રાષ્ટ્રીય શિક્ષણનીતિ મૂર્તિમંત બની શકી છે ત્યારે હું તમારી સાથે કેટલીક ચર્ચા કરવા માંગુ છું. આ સવાલો આપણી સામે શરૂઆતના દિવસોમાં આવ્યા હતા. તે સમયે જે બે મોટા સવાલ ઉપસ્થિત થતા હતા તેમાં કહેવામાં આવતું હતું કે, શું આપણી શિક્ષણવ્યવસ્થા આપણાં યુવાનોને રચનાત્મક, કુતૂહલલક્ષી અને કટિબદ્ધતાને આધારે જીવન જીવતા બનવા માટે પ્રોત્સાહિત કરી શકશે? તમે સૌ આ ક્ષેત્રમાં આટલા વર્ષોથી છો અને તેનો જવાબ સારી રીતે જાણો છો.

સાથીઓ, આપણી સામે બીજો સવાલ એ હતો કે, આપણી શિક્ષણવ્યવસ્થા, આપણાં યુવાનોને શક્તિશાળી બનાવે છે. દેશમાં એક સશક્તિકરણ ધરાવતા સમાજનું નિર્માણ કરવામાં મદદ કરે છે ? આપ સૌ આ સવાલોથી પરિચિત છો અને જવાબો પણ જાણો છો. સાથીઓ, આજે મને સંતોષ છે કે ભારતની રાષ્ટ્રીય શિક્ષણ-નીતિના ઘડતર સમયે આ સવાલોને ગંભીરતાથી લેવામાં આવ્યા હતા.


સાથીઓ, બદલાતા જતા સમયની સાથે-સાથે એક નવી વિશ્વવ્યવસ્થા, એક નવા રૂપરંગ ધરાવતી વ્યવસ્થામાં પરિવર્તન તેમજ એક નવી વિશ્વવ્યવસ્થા ઊભી થઈ રહી છે. એક નવું વૈશ્વિક ધોરણ પણ નક્કી થઈ રહ્યું છે અને તેના સંદર્ભમાં ભારતની શિક્ષણ વ્યવસ્થામાં પરિવર્તન લાવવાની જરૂર છે એ પણ જાણવાનું ખૂબ જ આવશ્યક હતું. શાળાઓનો અભ્યાસક્રમ ૧૦+૨ના માળખાથી આગળ વધીને ૫+૩+૩+૪ના અભ્યાસક્રમના માળખામાં લઈ જવાની દિશામાં આપણે આગળ વધી રહ્યા છીએ. આપણે આપણાં વિદ્યાર્થીઓને વૈશ્વિક નાગરિકો બનાવવાના છે અને એ બાબતનું પણ ધ્યાન રાખવાનું છે કે, તે વૈશ્વિક નાગરિકો તો બને જ, પણ સાથે-સાથે પોતાનાં મૂળિયાંઓ સાથે પણ જોડાયેલા રહે. જડ (મૂળિયાં)થી જગત સુધી, અતીતથી આધુનિકતા સુધી તમામ મુદ્દાઓનો સમાવેશ કરીને રાષ્ટ્રીય શિક્ષણનીતિનું સ્વરૂપ નક્કી કરવામાં આવ્યું છે.

સાથીઓ, એ બાબતે કોઈ વિવાદ નથી કે બાળકોના ઘરની ભાષા અને શાળામાં ભણતરની ભાષા એક જ હોવી જોઈએ કે જેથી બાળકોની શીખવાની ગતિ બહેતર બની રહે. આ એક ખૂબ સારું કારણ છે, જેના કારણે જ્યાં સુધી સંભવ હોય ત્યાં સુધી ધોરણ-૫ સુધી બાળકોને પોતાની જ માતૃભાષામાં શિક્ષણ આપવા માટે સંમતિ સાધવામાં આવી છે. આ બાળકોનો પાયો તો મજબૂત થશે જ, પણ સાથે-સાથે તેમના ભણતરનો પાયો પણ મજબૂત બનશે.

**દરેક વિદ્યાર્થીને એ અવસર મળવો જોઈએ કે, તે પોતાની ભાવના મુજબ આગળ વધી શકે**

સાથીઓ, અત્યાર સુધી આપણી જે શિક્ષણવ્યવસ્થા હતી, તેમાં શેની વિચારણા કરવી તે બાબતે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવતું હતું, જ્યારે આ શિક્ષણનીતિમાં કેવી રીતે વિચારવું તે બાબત પર ઝોક રાખવામાં આવ્યો છે. આ હું એટલા માટે કહી શકું તેમ છું કે, આજે આપણે જે સ્થિતિમાં છીએ તેમાં માહિતી અને સામગ્રીની કોઈ ઊણપ નથી. એક રીતે કહીએ તો પૂર આવેલું છે. તમામ પ્રકારની જાણકારી આપણા મોબાઈલ ફોન પર ઉપલબ્ધ છે. સવાલ એ છે કે કઈ જાણકારી મેળવવાની છે, શું ભણવાનું છે. આ બાબતને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય શિક્ષણનીતિ ઘડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, કે જેથી અભ્યાસ માટે ખૂબ લાંબા અભ્યાસક્રમનો આધાર રાખવો પડે નહીં. ઘણાબધાં પુસ્તકો ઉપયોગમાં લેવાતા હોય છે અને તેની અનિવાર્યતાને ઓછી કરવા માટે કોશિશ કરવામાં આવશે. હવે બાળકોના ભણતર માટે પૂછપરછ આધારિત, શોધ આધારિત અને ચર્ચા આધારિત તેમજ વિશ્લેષણ આધારિત પદ્ધતિઓ પર ભાર મૂકવામાં આવશે. આના કારણે બાળકોમાં ભણવાની વૃત્તિ વધશે અને વર્ગમાં તેમની સામેલગીરીમાં પણ વધારો થશે.

સાથીઓ, દરેક વિદ્યાર્થીને એ અવસર મળવો જોઈએ કે, તે પોતાની ભાવના મુજબ આગળ વધી શકે. તે પોતાની સુવિધા અને જરૂરિયાતને આધારે કોઈ ડિગ્રી અથવા તો અભ્યાસક્રમને અપનાવી શકે અને જો તેની ઈચ્છા થાય તો તેને છોડી પણ શકે. ઘણી વખત એવું પણ બને છે



- નવી ૫ + ૩ + ૩ + ૪ બંધારણમાં, પ્રારંભિક બાળપણની સંભાળ અને શિક્ષણનો મજબૂત આધાર (૩ વર્ષની ઉંમરથી ECCE) પણ સામેલ છે. આનો અર્થ એ કે હવે શાળાના પ્રથમ પાંચ વર્ષમાં પૂર્વ-પ્રાથમિક શાળાના ત્રણ વર્ષ અને વર્ગ ૧ અને વર્ગ ૨ સહિતના પાયાના તબક્કાનો સમાવેશ થશે. ત્યારબાદ આગામી ત્રણ વર્ષ વર્ગ ૩થી ૫ના તૈયારીના તબક્કામાં વહેંચવામાં આવશે. આ પછી, મધ્યમ તબક્કાના ત્રણ વર્ષ (૬થી ૮ના વર્ગ) અને માધ્યમિક તબક્કાના ચાર વર્ષ (૯થી ૧૨ના વર્ગ). આ સિવાય શાળાઓમાં કળા, વાણિજ્ય, વિજ્ઞાન પ્રવાહનું કડક પાલન કરવામાં આવશે નહીં, વિદ્યાર્થીઓ હવે ગમે તે અભ્યાસક્રમો લઈ શકશે
- શાળામાં પાયાના શિક્ષણ અને અંકગણિત પર ભાર મૂકવો. શૈક્ષણિક કાર્ય, ઈતર પ્રવૃત્તિઓ તથા વ્યવસાયિક પ્રવાહો વચ્ચે કોઈ ભેદ પાડવો નહીં; ઈન્ટર્નશીપ સાથે વર્ગ ૬થી વ્યાવસાયિક શિક્ષણ પ્રારંભ કરવું.
- ઓછામાં ઓછા ધોરણ પાંચ સુધીનું શિક્ષણ માતૃભાષા/ પ્રાદેશિક ભાષામાં આપવાની વાત કરવામાં આવી છે.
- ૨૦૩૫ સુધીમાં વ્યવસાયિક શિક્ષણ સહિત ઉચ્ચ શિક્ષણમાં ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો ૨૬.૩% થી વધારીને ૫૦% કરવાનો લક્ષ્યાંક છે. ૩.૫ કરોડ બેઠકો ઉચ્ચ શિક્ષણમાં વધારવામાં આવશે.
- NEP ૨૦૨૦ સાથે, કેન્દ્ર આશા રાખે છે કે સારાત્મક મૂલ્યાંકન (summative assessment)થી વધુ યોગ્યતા આધારિત નિયમિત મૂલ્યાંકન (competency-based regular assessment)માં ફેરવાઈ જશે જે વિશ્લેષણ, વિવેચક વિચારસરણી અને વિભાવનાત્મક સ્પષ્ટતાનું પરીક્ષણ કરે છે. બધા વિદ્યાર્થીઓની વર્ગ ૩, ૫ અને ૮ ની પરીક્ષા શાળા લેશે. વર્ગ ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષાઓ ચાલુ રાખવામાં આવશે, પરંતુ સર્વગ્રાહી વિકાસ (holistic development) લક્ષય સાથે ફરીથી ડિઝાઈન કરવામાં આવી છે. એક નવું રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર, PARAKH (Performance Assessment, Review, and Analysis of Knowledge for Holistic Development), એક માનક-ધોરણવાળી સંસ્થા તરીકે સ્થાપવામાં આવશે.
- મધ્યમાં અભ્યાસક્રમ છોડવાની ઈચ્છા ધરાવતા લોકો માટે એક કરતા વધુ પ્રવેશ અને બહાર નીકળવાના વિકલ્પો હશે. તેમના ક્રેડિટ્સ ટ્રાન્સફર કરવામાં આવશે. ક્રેડિટ્સ ટ્રાન્સફરની સુવિધા માટે એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ્સની સ્થાપના કરવામાં આવશે.
- Research Cultureને ઉત્તેજન આપવા રાષ્ટ્રીય સંશોધન ફાઉન્ડેશનની સ્થાપના કરવામાં આવશે.
- હાયર એજ્યુકેશનનું લાઈટ પણ ટાઈટ રેગ્યુલેશન, વિવિધ કાર્યો માટે ચાર અલગ વર્ટિકલવાળા સિંગલ રેગ્યુલેટર.
- કોલેજોના જોડાણ પ્રણાલીને ક્રમશઃ બંધ કરી ૧૫ વર્ષમાં તબક્કાવાર ગ્રેડેડ ઓટોનોમી આપવામાં આવશે. આપણા દેશમાં ૪૫,૦૦૦ થી વધુ affiliated colleges છે. ગ્રેડેડ ઓટોનોમી હેઠળ, કોલેજોની તેમની accreditation સ્થિતિના આધારે શૈક્ષણિક, વહીવટી અને નાણાકીય સ્વાયત્તતા આપવામાં આવશે.

કે, કોઈ અભ્યાસક્રમ પૂરો કર્યા પછી વિદ્યાર્થી જ્યારે નોકરી માટે જાય છે ત્યારે તેને ખ્યાલ આવે છે કે, જે કંઈ ભણ્યો છે તે નોકરીની જરૂરિયાત પૂરી કરી શકતું નથી. ઘણા વિદ્યાર્થીઓએ અલગ-અલગ કારણોથી વચ્ચે-વચ્ચે અભ્યાસક્રમ છોડીને નોકરી કરવી પડતી હોય છે. આવા તમામ વિદ્યાર્થીઓની જરૂરિયાતનો ખ્યાલ રાખીને મલ્ટીપલ એન્ટ્રી-એક્ઝીટનો વિકલ્પ આપવામાં આવ્યો છે. હવે વિદ્યાર્થી ફરીથી પોતાના અભ્યાસક્રમમાં જોડાઈને નોકરીની જરૂરિયાતને આધારે વધુ અસરકારક પદ્ધતિથી અભ્યાસ કરી શકે છે, ભણી શકે છે. તે આ બાબતનું વધુ એક પાસું છે.

જ્યારે વિદ્યાર્થીને એવી પણ સ્વતંત્રતા હશે, કે તે કોઈ અભ્યાસક્રમની વચ્ચે અભ્યાસ છોડીને બીજા અભ્યાસક્રમમાં પ્રવેશ કરવા માંગે તો તેમાં પ્રવેશ મેળવી શકશે. આના માટે તેણે પ્રથમ અભ્યાસક્રમમાંથી નિશ્ચિત સમય માટે વિરામ લેવો પડશે અને બીજા અભ્યાસક્રમ સાથે જોડાઈ શકશે. ઉચ્ચ શિક્ષણને પ્રવાહમાંથી મુક્ત કરવા અને મલ્ટીપલ એન્ટ્રી અને એક્ઝીટ, ક્રેડિટ બેંકની પાછળ આ જ વિચાર કામ કરે છે. આપણે એવા યુગ તરફ આગળ વધી રહ્યા છીએ કે, જ્યાં કોઈ વ્યક્તિ જીવનભર કોઈ એક જ વ્યવસાયમાં ટકેલો રહેશે નહીં. પરિવર્તન નિશ્ચિત છે તેવું માનતા રહીએ, તેના માટે તેને પોતાને નિરંતર રિ-સ્કીલ અને અપ-



- NEP ૨૦૨૦ ઈક્વિટી સાથે ટેક્નોલોજીનો ઉપયોગ વધારવાની તરફેણ કરે છે; રાષ્ટ્રીય શૈક્ષણિક ટેક્નોલોજી મંચ બનાવવામાં આવશે
- NEP ૨૦૨૦ પછાત વિસ્તારો અને વંચિત સમુદાયો માટે Gender Inclusion Fund તથા Special Education Zones સ્થાપવા પર ભાર મૂકે છે. વિકલાંગ બાળકોને તેમની જરૂરિયાતોને અનુરૂપ ક્રોસ-ડિસેબિલિટી તાલીમ, સંસાધન કેન્દ્રો, સગવડતા, સહાયક ઉપકરણો, યોગ્ય તકનીકી-આધારિત સાધનો અને અન્ય સપોર્ટ મિકેનિઝમ્સના અનુરૂપ શિક્ષકોના સમર્થન સાથે, પાયાના તબક્કાથી ઉચ્ચ શિક્ષણ સુધીની નિયમિત શાળાની પ્રક્રિયામાં સંપૂર્ણ રીતે ભાગ લેવા માટે સક્ષમ કરવામાં આવશે.
- નવી નીતિ શાળા અને ઉચ્ચ અભ્યાસમાં આંતરભાષીકરણને પ્રોત્સાહન આપે છે; પાલી, પર્સિયન અને પ્રાકૃત માટેની રાષ્ટ્રીય સંસ્થા "Indian Institute of Translation and Interpretation" સ્થાપના કરવામાં આવશે
- ડિજિટલ લર્નિંગને આગળ વધારવા માટે એક રાષ્ટ્રીય શૈક્ષણિક ટેક્નોલોજી ફોરમ (NETF) બનાવવામાં આવશે. "શરૂઆતમાં આઠ પ્રાદેશિક ભાષાઓમાં ઈ-અભ્યાસક્રમો વિકસિત કરવામાં આવશે અને વર્ચુઅલ લેબ્સ વિકસિત કરવામાં આવશે.
- એકલ ઉચ્ચ શિક્ષણસંસ્થાઓ અને વ્યાવસાયિક શિક્ષણ સંસ્થાઓ multi-disciplinary શિક્ષણમાં વિકસિત કરવામાં આવશે.
- આઈઆઈટી અને આઈઆઈએમના ધોરણે Multidisciplinary Education and Research Universities (MERUs)ની વૈશ્વિક ધોરણોના શ્રેષ્ઠ મલ્ટિડિસિપ્લિનરી એજ્યુકેશનના નમૂના તરીકે સ્થાપના કરવામાં આવશે.
- Online and Digital Education : એમ.એચ.આર.ડી.માં ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડિજિટલ કન્ટેન્ટ અને ક્ષમતા બિલ્ડિંગના નિર્માણ માટે એક સમર્પિત એકમ (dedicated unit) સ્થાપવામાં આવશે, જેમાં શાળા અને ઉચ્ચ શિક્ષણ બંનેની ઈ-શિક્ષણ જરૂરિયાતોને સંતોષવામાં આવશે.
- Technology in Education : શિક્ષણ, મૂલ્યાંકન, આયોજન તથા વહીવટ માટે ટેક્નોલોજીના ઉપયોગ અંગેના વિચારોના મુક્ત આદાનપ્રદાન માટે જરૂરી પ્લેટફોર્મ પ્રદાન કરવા માટે એક સ્વાયત્ત સંસ્થા, National Educational Technology Forum (NETF)ની રચના કરવામાં આવશે.


સ્કીલ કરીને આગળ વધવાનું રહેશે. રાષ્ટ્રીય શિક્ષણનીતિ ઉપર આ બાબતે પણ વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે.

**શિક્ષણનીતિમાં વિદ્યાર્થીશિક્ષણ અને શ્રમના ગૌરવ ઉપર વધુ ધ્યાન આપવામાં આવ્યું**

સાથીઓ, કોઈપણ દેશના વિકાસમાં સમાજના દરેક વર્ગની ગરિમાની એક મોટી ભૂમિકા રહેતી હોય છે. તેનું ગૌરવ, સમાજનો કોઈ પણ વ્યક્તિ કોઈ પણ કામ કરતો હોય તો તે નીચા પ્રકારનો બનતો નથી. આપણે એ રીતે વિચારવું જોઈએ કે, ભારત જેવા સાંસ્કૃતિક બાબતોમાં સમૃદ્ધ રહેલા દેશમાં આ બદી કેવી રીતે આવી. ઊંચ-નીચનો ભેદભાવ, મહેનત કરનારા લોકો પ્રત્યે હીન ભાવ દર્શાવાય તે પ્રકારની વિકૃતિ આપણી અંદર કેવી રીતે ઘર કરી ગઈ છે ? આવો વિપરીત ભાવ કેવી રીતે આવ્યો હશે ? આવું થવાનું એક મોટું કારણ એ છે કે, આપણુ શિક્ષણ સમાજના દરેક વર્ગથી છૂટું પડી ગયું છે. જ્યારે ગામડાંમાં જશો ત્યારે તમે ખેડૂતોને, શ્રમિકો અને મજૂરોને કામ કરતા જોશો ત્યારે તેમની બાબતે જાણકારી મેળવી શકશો, તેમને સમજી શકશો. તે સમાજની જરૂરિયાતો પૂરી કરવા માટે કેટલું મોટું યોગદાન આપી રહ્યા છે, તે પોતાનું જીવન કેવી રીતે વ્યતીત કરી રહ્યા છે, તેમના શ્રમનું સન્માન કરવાનું આપણી પેઢીએ શીખવું પડશે. આટલા માટે રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં વિદ્યાર્થીનું શિક્ષણ અને શ્રમના ગૌરવ ઉપર વધુ ધ્યાન આપવામાં આવ્યું છે.

**રાષ્ટ્રીય શિક્ષણનીતિ આપણા દેશમાં સંશોધન અને શિક્ષણની ઊણપ દૂર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવવાની છે**

સાથીઓ, ૨૧મી સદીના ભારત માટે સમગ્ર દુનિયાની ઘણી બધી અપેક્ષાઓ છે. ભારતમાં એવી સમર્થતા છે કે, તે પ્રતિભા અને ટેક્નોલોજીના ઉપાયો સમગ્ર વિશ્વને પૂરા પાડી શકે તેમ છે. આપણી આ જવાબદારી તરફ પણ આપણી શિક્ષણનીતિ ધ્યાન આપશે. રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં જે કોઈ ઉપાયો સૂચવવામાં આવ્યા છે તેમાં ફીચરીસ્ટ ટેક્નોલોજી તરફ એક



માઈન્ડસેટ વિકસીત કરવાની ભાવના પણ છે. હવે ટેકનોલોજીને આપણે ખૂબ ઝડપથી, ખૂબ સારી રીતે, ખૂબ ઓછા ખર્ચમાં, છેક છેવાડે ઊભેલા વિદ્યાર્થી સુધી પહોંચવાનું માધ્યમ બનાવવાનું છે. આપણે તેનો વધુ ને વધુ ઉપયોગ કરવાનો છે. આ શિક્ષણનીતિના માધ્યમથી ટેકનોલોજી આધારિત બહેતર સામગ્રી અને અભ્યાસક્રમો વિકસાવવામાં ખૂબ જ મદદ મળશે. પાયાના કોમ્પ્યુટીંગ પર ઝોક રાખવાનો હોય, કોડીંગ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનું હોય કે પછી સંશોધન તરફ વધારે ઝૂકાવ દર્શાવવાનો હોય. માત્ર શિક્ષણપદ્ધતિ જ નહીં, પણ સમાજનો અભિગમ પણ બદલવાનો રહેશે. વર્ચ્યુઅલ લેબ જેવા અભિગમ એવા લાખો સાથીદારોનાં બહેતર શિક્ષણનાં સપનાં લઈને આવવાના છે. જે લોકો પહેલાં એવા અભ્યાસક્રમ ભણી શકતા ન હતા, જેમાં પ્રયોગશાળાના પ્રયોગની જરૂર પડતી હતી. રાષ્ટ્રીય શિક્ષણનીતિ આપણા દેશમાં સંશોધન અને શિક્ષણની ઊણપ દૂર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવવાની છે.

**જે સંસ્થા ગુણવત્તા ધરાવતા શિક્ષણ માટે વધુ કામ કરે તેને વધુ સ્વતંત્રતા માટે રિવોર્ડ મળવો જોઈએ**

સાથીઓ, જ્યારે શિક્ષણ સંસ્થાઓ અને માળખાગત સુધારાઓ પ્રતિબિંબિત થશે ત્યારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિને વધુ પ્રભાવશાળી અને ઝડપી ગતિથી અમલમાં મૂકી શકાશે. આજે સમયની એવી માંગ છે કે, ઈનોવેશન અને અભ્યાસ અપનાવવાનાં જે મૂલ્યો આપણે સમાજમાં ઊભાં કરવાનાં છે તે ખુદ આપણા દેશની શિક્ષણસંસ્થાઓ મારફતે શરૂ થવા જોઈએ અને તેનું નેતૃત્વ આપ સૌની પાસે છે. જ્યારે આપણે શિક્ષણ અને ખાસ કરીને ઉચ્ચ એવી શિક્ષણની સંસ્થાઓ શરૂ કરવી જોઈએ કે, જેનું નેતૃત્વ આપ સૌની પાસે હોય. જ્યારે આપણે શિક્ષણ અને ખાસ કરીને ઉચ્ચ શિક્ષણની એમ્પાવર્ડ સોસાયટીનું નિર્માણ કરવા માટે ઊભા થયા છીએ ત્યારે તેના માટે ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓનું પણ સશક્તિકરણ કરવાનું જરૂરી બની રહેશે. અને હું જાણું છું તે રીતે જ્યારે શૈક્ષણિક સંસ્થાઓનું સશક્તિકરણ કરવાની વાત આવે છે ત્યારે તેની સાથે એક શબ્દ ચર્ચાય છે અને તે છે - સ્વાયત્તતા. આપ સૌ પણ જાણો છો કે, સ્વાયત્તતા અંગે આપણે ત્યાં બે અલગ-અલગ મત પ્રવર્તે છે. એક મત એવું કહે છે કે, બધી બાબતો સરકારી નિયંત્રણ હેઠળ હોય, કડકાઈ સાથે કામ થવું જોઈએ, તો બીજો મત એવું જણાવે છે તમામ સંસ્થાઓને આપમેળે સ્વાયત્તતા મળવી જોઈએ. સ્વાયત્તતાને અધિકારના જેવું જ સ્વરૂપ મળવું જોઈએ. સારી ગુણવત્તા ધરાવતા શિક્ષણનો માર્ગ આ બંને અભિપ્રાયોની વચ્ચેથી આવે છે. જે સંસ્થા ગુણવત્તા ધરાવતા શિક્ષણ માટે વધુ કામ કરે તેને વધુ સ્વતંત્રતા માટે રિવોર્ડ મળવો જોઈએ. તેના કારણે ગુણવત્તાને પ્રોત્સાહન મળશે અને સૌને વિકસવા માટે પ્રોત્સાહન પણ મળી રહેશે. રાષ્ટ્રીય શિક્ષણનીતિ આવી તે પહેલાં નજીકનાં વર્ષોમાં તમે પણ જોયું હશે કે, અમારી સરકારે અનેક શૈક્ષણિક સંસ્થાઓને સ્વાયત્તતા બક્ષવાની પહેલ કરી છે. મને આશા છે કે, રાષ્ટ્રીય શિક્ષણનીતિ જેમ-જેમ આગળ વધતી જશે તેમ-તેમ શિક્ષણસંસ્થાઓની સ્વાયત્તતાની પ્રક્રિયા પણ વધુ ઝડપી બનશે.

**સૌએ સાથે મળીને સંકલ્પબદ્ધ બનીને કામ કરવાનું છે**

સાથીઓ, રાષ્ટ્રીય શિક્ષણનીતિને અમલમાં લાવવા માટે સૌએ સાથે મળીને સંકલ્પબદ્ધ બનીને કામ કરવાનું છે. અહીંયાં યુનિવર્સિટીઓ, કોલેજો, શાળાઓનું શિક્ષણ, બોર્ડ્ઝ વગેરે અલગ-અલગ રાજ્યો, અલગ-અલગ સહયોગીઓ સાથે સંવાદ અને સમન્વયનો નવો દોર શરૂ કરવાનો છે. આપ સૌ સાથીઓ, હાયર એજ્યુકેશન તમામ ઉચ્ચ સંસ્થાઓની ટોચ ઉપર હોય છે તેથી તમારી જવાબદારી ઘણી વધી જાય છે. મારો એ આગ્રહ છે કે, રાષ્ટ્રીય શિક્ષણનીતિ ઉપર સતત વેબીનાર કરતા રહો. ચર્ચાઓ કરતા રહો. નીતિ માટે રણનીતિ ઘડતા રહો અને રણનીતિને લાગુ કરવા માટે રોડમેપ બનાવતા રહો. સાથે ટાઈમ લાઈનને જોડી દો. તેનું અમલીકરણ કરવા માટે સાધનો, માનવ સંસાધનો, આ બધાને જોડીને યોજના બનાવો અને આ બધું તમારે નવી નીતિના સંદર્ભમાં કરવાનું છે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ એ માત્ર કોઈ સર્ક્યુલર નથી. રાષ્ટ્રીય શિક્ષણનીતિ સર્ક્યુલર બહાર પાડીને કે નોટિફાય કરીને અમલમાં નહીં આવે. તેના માટે મનને મક્કમ કરવું પડશે. તમારે સૌએ દૃઢ ઈચ્છાશક્તિ બતાવવાની રહેશે. ભારતમાં વર્તમાન અને ભવિષ્યનું ઘડતર કરવા માટે તમારે આ કાર્ય એક મહા યજ્ઞની જેમ કરવાનું છે. તેમાં તમારું યોગદાન ખૂબ જ મહત્ત્વનું છે. આ કોન્ક્લેવને જોઈ રહેલા, સાંભળી રહેલા, પ્રત્યેક વ્યક્તિનું યોગદાન આવશ્યક બની રહેશે, અને મને વિશ્વાસ છે કે, આ કોન્ક્લેવમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અસરકારક અમલીકરણ માટે બહેતર સૂચનો, બહેતર સમાધાન મળી આવશે અને ખાસ કરીને આજે મને અવસર મળ્યો છે તો હું સાર્વજનિક રીતે ડૉ. કસ્તૂરી રંગનજી અને તેમની સમગ્ર ટીમને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવું છું, ખૂબ-ખૂબ ધન્યવાદ પાઠવું છું. ખૂબ-ખૂબ આભાર !!!





## નવી શિક્ષણનીતિ એક સુવર્ણ અધ્યાય

# નવી શિક્ષણનીતિ ભારતીય વિચારધારા, સંસ્કૃતિ અને પ્રવર્તમાન આધુનિક વૈશ્વિક ટેક્નોલોજીના સુભગ સમન્વય સાથે દેશના બાળકો અને યુવાનોને બહુઆયામી દષ્ટિકોણથી સુસજ્જ બનાવશે

**૩૪ વર્ષના લાંબા અરસા બાદ શિક્ષણનીતિમાં આ બદલાવ**


માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર દ્વારા 'નયા ભારત'ના નિર્માણમાં આગેકદમ રૂપ અને શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિકારી અને પ્રગતિકારક નવી શિક્ષણનીતિને ૨૯ જુલાઈ ૨૦૨૦ ના રોજ મંજૂરી આપી દેવામાં આવી છે. ૩૪ વર્ષના લાંબા અરસા બાદ શિક્ષણનીતિમાં આ બદલાવ આવી રહ્યો છે. આ શિક્ષણનીતિના નિર્માણમાં પૂર્વ માનવ સંસાધન વિકાસ મંત્રીશ્રીઓ શ્રીમતી સ્મૃતિ ઈરાનીજી, શ્રી પ્રકાશ જાવડેકરજી અને વર્તમાન માનવ સંસાધન વિકાસ મંત્રીશ્રી રમેશ પોખરીયાલ 'નિશંક'જીના માર્ગદર્શન હેઠળ ૧૧ સભ્યોની સમિતિએ તથા અન્ય ઘણા બધા શિક્ષણવિદો અને તજ્જ્ઞોએ પોતાનું યોગદાન આપ્યું છે. દેશના ૧૦૦૦ વિશ્વવિદ્યાલયો, ૧૫ લાખથી વધુ શાળાઓ, ૩૩ કરોડથી વધુ વિદ્યાર્થીઓ અને ૧.૦૯ કરોડ જેટલા અધ્યાપકોને સ્પર્શતી આ શિક્ષણનીતિ દેશની ભાવિ પેઢીના નિર્માણમાં દીવાદાંડી રૂપ સાબિત થશે. આ ઉપરાંત માનવ સંસાધન વિકાસ મંત્રાલય હવેથી 'શિક્ષા મંત્રાલય' તરીકે ઓળખાશે તે પણ આ શિક્ષણ નીતિમાં સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. ભારતીય શિક્ષાપ્રણાલીનો વ્યાપ અને ગુણવત્તા સુધારણાની દિશામાં આ એક મહત્ત્વપૂર્ણ કદમ સાબિત થશે. આ ઉપરાંત નવી શિક્ષણનીતિ દેશના યુવાનોને નોકરી શોધનારા નહિ પરંતુ નોકરી આપનારા તરીકે પ્રસ્થાપિત કરીને "આત્મનિર્ભર" ભારતના ઘડતરમાં ચાવીરૂપ ભૂમિકા ભજવશે.

**દેશની જનતાને આપેલ વચન અનુસાર આ નવી શિક્ષણનીતિનું ગઠન કરવામાં આવ્યું**

શિક્ષણ એક રાષ્ટ્રીય લક્ષ્ય છે. આ એક એવું ઉત્પ્રેરક સાધન છે કે જેનાથી દેશનાં બાળકો અને યુવાનોનું ભવિષ્ય બદલી શકે છે. હાલમાં ભારતની ૧.૩ અબજની જનસંખ્યામાં લગભગ અડધા લોકો ૨૬ વર્ષથી ઓછી વયના છે અને સંભાવના છે કે ૨૦૨૬ સુધીમાં ૨૯ વર્ષની સરેરાશ આયુ સાથે ભારત વિશ્વનો સૌથી યુવાન દેશ હશે. આ જનસંખ્યાના ભવિષ્યને ધ્યાનમાં લઈને તેમન દષ્ટિકોણ અને જીવનમાં આમૂલ પરિવર્તન લાવવા માટે તથા નવીનતા અને સંશોધન સંબંધી બદલાતા પરિવેશમાં પહોંચી વળવા માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરવા શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૨૦૧૪માં કેન્દ્રમાં સત્તાનાં સૂત્રો સંભાળ્યાં ત્યારે દેશની જનતાને આપેલ વચન અનુસાર નવી શિક્ષણનીતિનું ગઠન કરવામાં આવ્યું છે.

**પ્રાચીન ભારતમાં શિક્ષણ કરતાં પણ કેળવણીને કેન્દ્રસ્થાને રાખીને સમગ્ર શૈક્ષણિક પ્રક્રિયા અનુસરવામાં આવતી હતી**

અત્રે સર્વવિદિત છે કે ભારત શિક્ષણક્ષેત્રે લાંબો અને ગૌરવપૂર્ણ ઈતિહાસ ધરાવે છે. પ્રાચીન ભારતમાં



શિક્ષણ કરતાં પણ કેળવણીને કેન્દ્રસ્થાને રાખીને સમગ્ર શૈક્ષણિક પ્રક્રિયા અનુસરવામાં આવતી હતી. આ શિક્ષણ પ્રણાલી માત્ર જ્ઞાન અર્જિત કરવા પર જ નહીં પરંતુ શાળાકીય શિક્ષણ સિવાયના બાહ્ય અને વ્યવહારિક જીવન માટે વ્યક્તિનું સર્વાંગી ઘડતર થાય તે ઉદ્દેશ્ય પર આધારિત હતી. ભારતીય સંસ્કૃતિ વિશ્વની સૌથી જૂની સંસ્કૃતિઓમાંની એક છે. કોઈપણ સભ્યતાના સાંસ્કૃતિક ભાવ તથા રાષ્ટ્રના આદર્શ તેમની શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા પ્રતિબિંબિત થતા હોય છે. સભ્ય સમાજમાં શૈક્ષિક પ્રક્રિયા એ સમાજ તથા સાંસ્કૃતિક નિર્માણ, વિકાસ તથા એને સંપોષિત કરવાના ઉદ્દેશ્યથી કરવામાં આવતી હોય છે. ज्ञानंतृतीय मनुजस्य नेत्रम! અર્થાત્ જ્ઞાન એ મનુષ્યની ત્રીજી આંખ સમાન છે.

**આઝાદી બાદના દસકાઓમાં શિક્ષણની ગુણવત્તા પર પૂરતું ધ્યાન અપાયું ન હતું**

આપણે જાણીએ છીએ કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૧૯૮૬માં ઘડવામાં આવી હતી અને આઝાદી બાદના દસકાઓમાં શિક્ષણની ગુણવત્તા પર પૂરતું ધ્યાન અપાયું ન હતું. આ ૧૯૮૬માં ઘડાયેલ શિક્ષણનીતિનો અધૂરો એજન્ડા ૧૯૯૨માં સંશોધિત કરવામાં આવ્યો હતો. તદુપરાંત આ શિક્ષણનીતિ ઈન્ટરનેટ ક્રાંતિ પહેલા તૈયાર કરાઈ હતી એટલે કંઈક અંશે વર્તમાન પ્રવાહો સાથે સુસંગત પણ ન હતી. જ્યારે આજની પેઢી ટેક્નોલોજી અને ટેક્નિકથી સમૃદ્ધ વાતાવરણમાં ઊછરી રહી છે.

**વૈશ્વીકરણ અને નોલેજ સોસાયટીની માંગણી પણ એ વાત પર જ જોર આપે છે કે વિદ્યાર્થીઓએ નવાં કૌશલ્યોને અધિગ્રહણ કરવાની સતત આવશ્યકતા હોય છે**

૧૯૮૬/૯૨ની શિક્ષણનીતિથી લઈને ત્યારની કેન્દ્ર સરકારો શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવા માટે તકનિકને અપનાવવાની સાથે - સાથે શાસન-શિક્ષણમાં તથા યોજના પ્રબંધનમાં આવેલી ઈન્ટરનેટ ક્રાંતિ અને ટેક્નોલોજીના ઉપયોગમાં ખૂબ ધીમા રહ્યા. આજના યુવા વિદ્યાર્થીઓ એક એવી પેઢી સંબંધ ધરાવે છે કે જે સતત નવી-નવી ટેક્નિકની અને ગેજેટ્સના વાતાવરણમાં ઊછરી રહી છે. તેને એવી ટેક્નિકનો ઉપયોગ કરવાનો થશે કે જેનો હજુ આવિષ્કાર જ થયો નથી અને એવી નોકરીઓમાં જોડાશે કે જે વર્તમાન સમયમાં મોજૂદ નથી. વૈશ્વીકરણ અને નોલેજ સોસાયટીની માંગણી પણ એ વાત પર જ જોર આપે છે કે વિદ્યાર્થીઓએ નવાં કૌશલ્યોને અધિગ્રહણ કરવાની સતત આવશ્યકતા હોય છે.

**નવી શિક્ષણનીતિમાં અભૂતપૂર્વ રીતે મલ્ટીપલ એન્ટ્રી અને એક્ઝિટ માટેની વ્યવસ્થા ઊભી કરાઈ**

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ યુનેસ્કો દ્વારા જાહેર કરાયેલ સસ્ટનેબલ ડેવલપમેન્ટ ગોલ- ૪ ને ધ્યાનમાં રાખીને દૂરંદેશી રીતે આ નવી શિક્ષણનીતિની બ્લુ પ્રિન્ટ તૈયાર કરવા ભલામણ કરી હતી. યુનેસ્કોના આ ૨૦૩૦ના 'વૈશ્વિક શિક્ષણ'ના એજન્ડામાં સમાવેશી અને સમાન ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવા અને બધા માટે આજીવન શીખવાના અવસર પ્રદાન કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. જેને અનુલક્ષીને જ નવી શિક્ષણનીતિમાં અભૂતપૂર્વ રીતે મલ્ટીપલ એન્ટ્રી અને એક્ઝિટ માટેની વ્યવસ્થા ઊભી કરાઈ છે.

**પર્યાવરણને નુકસાન પહોંચાડયા વિના પોતાના નાગરિકો માટે જીવનની ગુણવત્તામાં ટકાઉ અને સંપોષિત વિકાસને સ્થાયીરૂપ આપવાનો પ્રયાસ**

સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ (SDG4)ના સાત લક્ષ્યોમાંથી પાંચ લક્ષ્યો ગુણવત્તાયુક્ત શિક્ષણ અને શીખવા પર કેન્દ્રિત છે. SDG4 એ સર્વવ્યાપી લક્ષ્ય છે કે જે પ્રત્યેક રાષ્ટ્ર માટે લાગુ પડે છે અને પર્યાવરણને નુકસાન પહોંચાડયા વિના પોતાના નાગરિકો માટે જીવનની ગુણવત્તામાં ટકાઉ અને સંપોષિત વિકાસ ને સ્થાયીરૂપ આપવાનો પ્રયાસ કરે છે.

**લોકોને આવરી લઈને સર્વગ્રાહી રીતે સામેલ કરીને આ પરામર્શ પ્રક્રિયા અનુસરવામાં આવી**

પૂર્વ કેબિનેટ સચિવ સ્વ. ટી.એસ.આર. સુબ્રમણ્યમજીની અધ્યક્ષતામાં નવી શિક્ષણનીતિ વિકાસ સમિતિનું ગઠન કરવામાં આવ્યું હતું. આ સમિતિએ મે ૨૦૧૬માં પોતાનો ડ્રાફ્ટ તૈયાર કરીને કેન્દ્ર સરકારને સોંપ્યો હતો, જેના આધાર પર ભારતભરમાં તમામ પ્રદેશોમાંથી સ્ટેકહોલ્ડર્સ, શિક્ષકગણ, વાલીગણ,



શિક્ષણવિદો, બુદ્ધિજીવીઓ અને સમાજસેવકો સહિત જમીનસ્તરથી ગામડાંઓ, શહેરો, જિલ્લાઓ, રાજ્યોથી લઈને રાષ્ટ્રીય કક્ષા સુધીના લોકોને આવરી લઈને સર્વગ્રાહી રીતે સામેલ કરીને આ પરામર્શ પ્રક્રિયા અનુસરવામાં આવી હતી. આ તમામ સ્તર અને દિશાઓમાંથી મળેલ સૂચનો અને ભલામણોને ચકાસવા અને પ્રારૂપને આખરી ઓપ આપવા સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક પદ્મવિભૂષણ શ્રી ડૉ. કે. કસ્તુરીરંગનજીની અધ્યક્ષતામાં સમિતિનું ગઠન કરવામાં આવ્યું અને આ સમિતિ દ્વારા સૂચિત પ્રારૂપને ૨૦૧૯માં આખરી ઓપ આપવામાં આવ્યો.

**શાળાકીય અને ઉચ્ચ શિક્ષણપ્રણાલીનું નવીનીકરણ**

આજના વિજ્ઞાન અને ટેક્નોલોજીના યુગમાં શિક્ષણના બદલાતા સામાજિક સંદર્ભ અને ઊભરતા રાષ્ટ્રીય વિકાસ તથા વ્યક્તિગત આવશ્યકતાઓને ધ્યાનમાં લેતાં શાળાકીય અને ઉચ્ચ શિક્ષણપ્રણાલીનું સમયાંતરે નવીનીકરણ આવશ્યક હતું. આ વિચારને વ્યાપક રીતે પ્રસ્થાપિત કરવા માટે આ નવી શિક્ષણનીતિ અમલમાં મૂકવામાં આવી છે.

**'નોલેજ સુપરપાવર' તરીકે પ્રસ્થાપિત કરવાની પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની નેમને સાકાર સ્વરૂપ આપવાનો પ્રયાસ**

દેશના યુવાનો વિશ્વની સાથે કદમથી કદમ મિલાવીને ચાલે, સાથે-સાથે વિદ્યાર્થીઓને વર્તમાન જરૂરિયાતોને અનુલક્ષીને જ્ઞાન અને કૌશલ્યથી સુસજ્જ બનાવવા અને વિજ્ઞાન, ટેક્નોલોજી, શૈક્ષણિક તથા ઉદ્યોગોમાં જે રીતે કૌશલ્ય આધારિત લોકોની માંગ હોય છે. તેની પૂર્તતા પણ શિક્ષણને આધારે કરવી. આ કલ્પનાને વાસ્તવિક સ્વરૂપ આપવાનો મક્કમ અભિગમ નવી શિક્ષણ નીતિમાં પ્રદર્શિત થાય છે. એક સર્વગ્રાહી, સર્વસ્પર્શી, સર્વહિતાય, બહુઆયામી અને લોકો કેન્દ્રિત શિક્ષણ નીતિના આધારે ભારતને વિશ્વમાં 'નોલેજ સુપરપાવર' તરીકે પ્રસ્થાપિત કરવાની પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની નેમને સાકાર સ્વરૂપ આપવાનો પ્રયાસ આ નવીશિક્ષણ નીતિમાં થયો છે.

**સમગ્ર શૈક્ષણિક પરિવેશમાં આમૂલ પરિવર્તન લાવશે**

આ એક એવી શિક્ષણનીતિનું નિર્માણ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે કે, જે સમગ્ર શૈક્ષણિક પરિવેશમાં આમૂલ પરિવર્તન લાવશે. જેના કારણે આપણે યુવાનોને વર્તમાન અને ભવિષ્યના પડકારોનો સામનો કરવા માટે તૈયાર કરી શકીશું.


**ટ્રાન્સફોર્મ, રિફોર્મ અને પર્ફોર્મ**

શ્રી નરેન્દ્રભાઈ મોદીનો અભિગમ હંમેશા ટેક્નોસેવી રહ્યો છે. તેઓએ ટેક્નોલોજીના ઉપયોગથી લોકોના જીવનધોરણમાં બદલાવ લાવવા શાસન અને પ્રબંધન ક્ષેત્રે અનેક પગલાંઓ લીધાં છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેન્દ્રમાં સત્તાનાં સૂત્રો સંભાળ્યા ત્યાર થી જ સરકારી તંત્ર અને નાગરિકો માટેની શાસન-વ્યવસ્થા - પ્રણાલીમાં "ટ્રાન્સફોર્મ, રિફોર્મ અને પર્ફોર્મ"ને ધ્યેય મંત્ર બનાવ્યો છે. આ કાર્યપ્રણાલીનું પ્રતિબિંબ નવી શિક્ષણ નીતિમાં જોવા મળે છે. વૈશ્વિક લક્ષ્યો સાથે દેશના યુવાનો કદમ મિલાવી શકે તે માટેનો પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનો નિર્ધાર અને ભારતીય સંસ્કૃતિ વારસાની જાળવણી પણ અકબંધ રહે તેવો હુંકાર આ 'શૈક્ષણિક રીફોર્મ'માં પ્રગટ થાય છે. વર્તમાન જરૂરિયાતો મુજબ શિક્ષણ માટે એકીકૃત છતાં ફ્લેક્સિબલ દૃષ્ટિકોણ આ નીતિમાં રાખવામાં આવ્યો છે. ઉપરાંત ઉચ્ચ શિક્ષણમાં વિજ્ઞાન, ગણિત અને તકનિકી શિક્ષણ સાથે કલાનો સુભગ સમન્વય સાધવાનો ઉમદા અભિગમ નવી શિક્ષણનીતિમાં રહેલો છે.

**'ભારત કેન્દ્રિત' શિક્ષણનીતિમાં સંસ્કૃતના અધ્યયન પર ભાર આપીને વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિ અને ભારતની ધરોહરથી અવગત થાય તે માટેના પ્રયાસો કરાયા**

આ નવી શિક્ષણનીતિના ઘડતરમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને સર્વે કેન્દ્રીય શિક્ષણમંત્રીશ્રીઓ દ્વારા એ વાત સુનિશ્ચિત કરાઈ છે કે નવી શિક્ષણનીતિમાં ફક્ત જડ શિક્ષણ જ નહીં, પરંતુ ભારતીય વિચારસરણી સાથે જ્ઞાન, કુશળતા, કૌશલ્ય સંવર્ધન અને મૂલ્યોને પણ પ્રાધાન્ય આપવામાં આવે. આ 'ભારત કેન્દ્રિત' શિક્ષણ નીતિમાં સંસ્કૃતના અધ્યયન પર ભાર આપીને વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિ અને ભારતની ધરોહરથી અવગત થાય તે માટેના પ્રયાસો કરાયા છે.



### શિક્ષણ અને વ્યવસાયિક શિક્ષણના એકીકરણ માટે એક રાષ્ટ્રીય સમિતિની રચના માટેનો નિર્ણય કરવામાં આવ્યો

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વ્યક્ત કરેલ વિચાર મુજબ જો આજનો યુવાન કૌશલ્યસભર અને કાર્યકુશળ હશે તો તે પોતાના વ્યક્તિગત દાયિત્વની સાથે-સાથે દેશના વિકાસ અને ઉત્થાન માટે પણ ઉત્તમ યોગદાન આપી શકશે. આ વિચારને સાકાર સ્વરૂપ આપવા આ શિક્ષણનીતિમાં ભારતમાં જ વિકસિત મહત્ત્વપૂર્ણ વ્યવસાયિક જ્ઞાનને વિદ્યાર્થીઓ માટે સુલભ બનાવવાનો તથા શિક્ષણ અને વ્યવસાયિક શિક્ષણના એકીકરણ માટે એક રાષ્ટ્રીય સમિતિની રચના માટેનો નિર્ણય કરવામાં આવ્યો છે.

### પૂર્વ પ્રાથમિક શિક્ષણ કે જે બાળકના ઘડતરનો પાયો છે તેને મજબૂત કરવાનો પ્રયાસ

નવી શિક્ષણનીતિમાં ગ્રોસ એનરોલ્મેન્ટ રેશિયો ૨૬.૩% થી વધારીને ૫૦ ટકા કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે અને શિક્ષણમાં ટેક્નોલોજીનો સમન્વય સાધીને અદ્યતન શિક્ષણ વ્યવસ્થા ઊભી કરવા પર પણ ભાર મુકાયો છે. ખાસ કરીને પૂર્વ પ્રાથમિક શિક્ષણ કે જે બાળકના ઘડતરનો પાયો છે તેને મજબૂત કરવાનો પ્રયાસ આ શિક્ષણ નીતિમાં કરવામાં આવ્યો છે આ ઉપરાંત ૧૦+૨ ની તરાહ નાબૂદ કરીને ૫+૩+૩+૪ પેટર્ન મુજબ શાળાકીય શિક્ષણ પ્રણાલી સ્થાપિત કરવામાં આવી છે.

### વિદ્યાર્થી દ્વારા અભ્યાસ દરમિયાન મેળવેલ ક્રેડિટ્સ ટ્રાન્સફર પણ કરી શકાશે

આ ઉપરાંત એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ સ્થાપવાની દરખાસ્ત પણ આ નવી શિક્ષણ નીતિમાં સામેલ છે, જેના થકી વિદ્યાર્થી દ્વારા અભ્યાસ દરમિયાન મેળવેલ ક્રેડિટ્સ ટ્રાન્સફર પણ કરી શકાશે. બદલાતા વૈશ્વિક પ્રવાહોને ધ્યાનમાં રાખીને દેશના યુવાનો કદમથી કદમ મિલાવી શકે તે હેતુસર વિશ્વની ટોચની યુનિવર્સિટીઓ પૈકીની પસંદ કરેલ યુનિવર્સિટીઓને ભારતમાં સંચાલનની સુવિધા, સાથે-સાથે ભારતની શ્રેષ્ઠ યુનિવર્સિટીઓને અન્ય દેશોમાં કેમ્પસ પ્રસ્થાપિત કરવા માટે પ્રોત્સાહન પણ આ નીતિમાં વ્યક્ત કરાયેલ છે.

### વિદ્યાર્થી અને શિક્ષક ઉદ્દેશ્યપૂર્ણ અનુભવોમાં એક સાથે સમ્મિલિત થાય

કેન્દ્રની ભાજપા સરકારનો અભિગમ સ્પષ્ટ હતો કે માત્ર શૈક્ષણિક નવીનીકરણથી જ સફળતા નથી મળતી પરંતુ જ્યારે વિદ્યાર્થી અને શિક્ષક ઉદ્દેશ્યપૂર્ણ અનુભવોમાં એક સાથે સમ્મિલિત થાય છે ત્યારે જ શૈક્ષિક અવસર ઉત્પન્ન થતા હોય છે. જે વિદ્યાર્થીઓને બહુપરિમાણી રીતે વિકસિત કરવામાં મદદ કરે છે. આ માટે એક સુવ્યવસ્થિત પાઠ્યક્રમ અને શિક્ષણશાસ્ત્રીય પ્રણાલીમાં બદલાવની જરૂર હોય છે. સાથે- સાથે શિક્ષકગણ, શાળાઓ અને શૈક્ષિક પ્રશાસકોના નેતૃત્વની પણ આવશ્યકતા રહેલી છે. ટૂંકમાં શીખવાની પ્રક્રિયાને ઉત્તેજન આપવા સહાયક સંસાધનો, સંગઠનો અને અસરકારક નીતિઓ જરૂરી બને છે. આ તમામ બાબતોને આવરી લઈને નવી શિક્ષણનીતિમાં જોગવાઈઓ કરવામાં આવી છે.

### વિશ્વફલક પર ભારતને શિક્ષણનું ગ્લોબલ હબ બનાવવામાં પણ મદદરૂપ થશે

અત્રે એ ચોક્કસપણે કહી શકાય કે કેન્દ્રની ભાજપા સરકાર દ્વારા પ્રસ્થાપિત શિક્ષણનીતિમાં બદલાવ કરીને અમલમાં મુકાયેલ ‘નવીશિક્ષણ નીતિ’ ભારતીય વિચારધારા, સંસ્કૃતિ અને પ્રવર્તમાન આધુનિક વૈશ્વિક ટેક્નોલોજીના સુભગ સમન્વય સાથે દેશના બાળકો અને યુવાનોને બહુઆયામી દૃષ્ટિકોણથી સુસજ્જ બનાવશે. આ ઉપરાંત આધ્યાત્મિકતા, ચારિત્ર્યનિર્માણ, વ્યક્તિત્વ વિકાસ, કુશળતાને પ્રોત્સાહન અને સંસ્કૃતિના રક્ષણના લક્ષ્ય સાથે જવાબદાર નાગરિકોના ઘડતરમાં અમૂલ્ય યોગદાન આપીને રાષ્ટ્રના વિકાસ અને ઉત્થાનમાં યુવાપેઢીની સહભાગિતા સુનિશ્ચિત કરશે. આ ઉપરાંત વિશ્વફલક પર ભારતને શિક્ષણનું ગ્લોબલ હબ બનાવવામાં પણ મદદરૂપ થશે.

**ડૉ. બીમલકુમાર કે. જોષી**
સયોજક, મીડિયા વિભાગ,
જિલ્લા ભાજપા, ગાંધીનગર




**મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નિર્ણાયક નેતૃત્વનાં ચાર વર્ષ પૂર્ણ**

# ગુજરાતની ઉત્તમથી સર્વોત્તમ તરફની આગેકૂચ

## ૧૪૬૦ દિવસમાં ૧૫૦૦થી વધુ જનહિતના નિર્ણય

- ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમને તેની મહત્તમ ઊંચાઈ સુધી પહોંચાડાયો અને પાણીથી સંપૂર્ણ ભરાયો
- જ્ઞાતિ-જાતિના વિગ્રહો કરાવનાર પરિબળોને ડામીને ગુજરાતમાં ચાર વર્ષથી સામાજિક સૌહાર્દ, બધા સમાજને પ્રગતિમાં પૂરતો ન્યાય, કોઈની ઉપેક્ષા નહીં અને સૌ સમાજનો સહિયારો વિકાસ ''સબ સમાજ જો લિયે સાથ મેં આગે હી બઢતે જાના હૈ'ની ન્યાયપૂર્ણ નીતી.
- વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ અને કેવડિયા ખાતે વર્લ્ડ ક્લાસ ટૂરિઝમ. ગત વર્ષે તાજમહેલ કરતાં વધારે પ્રવાસીઓએ સ્ટેચ્યુ ઑફ યુનિટી જોવા આવ્યા
- સુજલામ સુફલામ જળ સંગ્રહ અભિયાન થકી જનભાગીદારી દ્વારા ૪૨,૦૦૦ લાખ ઘનફૂટ વધારાના પાણીનો સંગ્રહ કરાયો.
- સૌરાષ્ટ્રમાં દુષ્કાળ બન્યો ભૂતકાળ, સૌની યોજનાનો ઝડપી અમલઃ સૌની યોજનાથી સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમ નર્મદાના પાણીથી ભરાયા.
- ૫૩૨૨ કરોડની બહુહેતુક ભાડભૂત યોજનાના ફળસ્વરૂપે નર્મદાના નીરમાં ખારું પાણી આવતું અટકશે અને જમીન ધોવાણની સમસ્યા પર અંકુશ લાગશે, ઉપરવાસમાં ૫૯૯ મિલિયન ઘનફૂટ વરસાદી પાણીનો સંગ્રહ થશે અને ૧૭ ગામોને પૂરની અસરથી બચાવાશે.
- કોઈપણ સમાજનો મેરિટ ધરાવતો છાત્ર ઉચ્ચ શિક્ષાથી વંચિત ના રહે તે માટે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત રૂ. ૧૦૦૦ કરોડની ફાળવણી, ૨ લાખ યુવાનોનાં સપનાં થયાં સાકાર.
- છેલ્લાં ચાર વર્ષમાં ૧ લાખ યુવાનોને મળી સરકારી નોકરી અને ૪૦૦૦ ભરતી મેળા દ્વારા ૧૦ લાખથી વધુ યુવાનોને નોકરી આપવામાં આવી
- શિક્ષણમાં આમૂલ પરિવર્તન ગામડાઓમાં આધુનિક શિક્ષણ મળી રહે તે માટે ૧૫,૦૦૦ ડિજિટલ ક્લાસરૂમનું નિર્માણ અને કોલેજના ૮ લાખ વિદ્યાર્થીઓને ટેબલેટનું વિતરણ, છેલ્લાં ૪ વર્ષમાં ૭ નવી મેડિકલ કોલેજ અને ૧૯૭૦ નવી મેડિકલ બેઠકો ઉમેરાઈ
- પહેલા પ્રોડક્શન પછી પર્મિશનની નવતર નીતિથી લઘુ ઉદ્યોગોને મળ્યું પ્રોત્સાહન અને રોજગારીના સર્જનમાં થયો વધારો.
- ખેડૂતોને રાત્રે ખેતરમાં ઉજાગરા ન કરવા પડે અને દિવસે વીજળી મળતી રહે તે માટે મુખ્યમંત્રી લાવ્યા 'દિનકર યોજના'
- છેલ્લાં ચાર વર્ષમાં ટેકાના ભાવે રૂ૫૫,૯૦૦ કરોડથી વધુના મૂલ્યોનાખેત પેદાશની લાખો ખેડૂતો પાસેથી કરાઈ ખરીદી
- ભ્રષ્ટાચારને નાથવા માટે કાયદામાં વ્યાપક ફેરફારો અને ACB ને CBI જેવી સત્તાઓ, ટેક્નોલોજીથી સજ્જ બનાવાઈ.
- અનુસૂચિત જાતિને સાંથણીની ૨૬૦ એકરથી વધુ જમીનની સોંપણી કરીને ન્યાય અને અધિકાર આપવામાં આવ્યો
- આદિવાસી બંધુઓ માટે ''પેસા એક્ટ'નો અમલ અને જંગલ ખેડે એની જમીનની રીતે લાખો આદિવાસીઓને જમીનના માલિક બનાવ્યાં
- બનાસકાઠાંનું પૂર હોય, ૯૬ તાલુકામાં અછતની સ્થિતિ હોય, વાયુ વાવાઝોડું હોય, માવઠાની માર હોય કે પછી કોરોનાની મહામારી, દરેક વખતે ગુજરાત સરકાર પ્રજાની પડખે ઊભી રહી છે.
- ઐતિહાસિક રીતે શહેરોની પ્રગતિને વેગ આપવા ૪૦૦થી વધુ ટાઉન પ્લાનિંગ (TP-DP) સ્કીમોની પારદર્શક અને ઝડપી મંજૂરી.
- રિન્યુએબલ એનર્જીમાં થયા ઐતિહાસિક કામો, દેશના કુલ સોલાર રૂફટોપમાંથી ૬૪% એકલા ગુજરાતમાં, સોલાર અને વિન્ડપાર્ક દ્વારા ૩૦,૦૦૦ MW વીજળી ઉત્પાદનનો સંકલ્પ
- જીવદયા માટે કરુણા અભિયાનની નવી પહેલ, ૪૬૦ હરતાં ફરતાં પશુ દવાખાના, પાંજરાપોળ અને ગૌ-શાળાઓને વિશેષ સહાયતાઓ.
- RTO તેમજ મહેસૂલ વિભાગની NA(બિનખેતી) સહિતની મોટાભાગની કામગીરી ઓનલાઈન કરાઈ જેથી ભ્રષ્ટાચાર પર અંકુશ લાગ્યો.
- CM ડેશબોર્ડ દ્વારા રાજ્યના દરેક વિભાગોની કામગીરી પર મુખ્યમંત્રીની સીધી નજર, વહિવટ અને વિકાસનાં કામો પર ૩૪૦૦ ઈન્ડિકેટર્સ દ્વારા પળે પળ નજર
- કોરોનોની મહામારીમાં ગુજરાત સરકારની ઉત્કૃષ્ઠ કામગીરી : IIM એ સર્વે મુજબ કોરોના કાળમાં રાજ્યના ૮૦% નાગરિકો CMના નેતૃત્વથી ખુશ
- કોરોનાની મહામારીમાં અમદાવાદમાં ૧૨૦૦ બેડની અને સુરતમાં ૧૦૦૦ બેડની હોસ્પિટલનું માત્ર ૧૦ દિવસના જ રેકૉર્ડ સમયમાં નિર્માણ કરાયું.
- રાજયમાં કોરોના દર્દીઓનો રિકવરી રેટ ૭૪% એ પહોંચાડ્યો તેમજ મૃત્યુદરમાં પણ નોંધપાત્ર ઘટાડો નોંધાયો.
- ૨૦ લાખ શ્રમિકોને માનભેર અને ઝડપી તેમના વતન પહોંચાડ્યા.
- લોકડાઉન દરમિયાન રાજ્ય સરકાર દ્વારા APL અને BPL પરિવારોને ૩૬૫ કરોડના મૂલ્યનું અનાજ નિઃશુલ્ક વિતરણ કરાયું.
- નાના દુકાનદારો અને પરંપરાગત વ્યવસાયિકોને પુનઃ પગભર કરવા રૂ ૧૪૦૦૦ કરોડનું આત્મનિર્ભર ગુજરાત પેકેજ.





**પારદર્શકતા, પ્રગતિશીલતા, સંવેદનશીલતા અને નિર્ણાયકતાના આધારસ્તંભ ઉપર જનતાની સેવાના સંકલ્પને ચરિતાર્થ કરવા સતત કાર્યશીલ 'રૂપાણી સરકાર'નાં ચાર સફળ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલને શુભેચ્છા સહ અભિનંદન પાઠવતા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ**



## રાજ્યના સમર્થ અને સક્ષમ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતને વિકાસના પથ પર અગ્રેસર રાખી, જન-જનની પડખે રહી, જનસેવાને જ મૂળમંત્ર બનાવી છેલ્લાં ૪ વર્ષમાં રાજ્યની જનતાની સુખાકારી માટે અનેક પ્રજાલક્ષી નિર્ણયો કર્યા છે - ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલ



ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, પારદર્શકતા, પ્રગતિશીલતા, સંવેદનશીલતા અને નિર્ણાયકતાના આધારસ્તંભ ઉપર જનતાની સેવાના સંકલ્પને ચરિતાર્થ કરવા સતત કાર્યશીલ 'રૂપાણી સરકાર'ના ચાર સફળ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ સહિત ગુજરાત સરકારને શુભેચ્છા સહ અભિનંદન પાઠવું છું. રાજયના સમર્થ અને સક્ષમ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતને વિકાસના પથ પર અગ્રેસર રાખી, જન-જનની પડખે રહી, જનસેવાને જ મૂળમંત્ર બનાવી છેલ્લાં ૪ વર્ષમાં રાજ્યની જનતાની સુખાકારી માટે અનેક પ્રજાલક્ષી નિર્ણયો કર્યા છે. રાજ્યની ભાજપા સરકાર હંમેશા જનતાની પડખે ઊભી રહી છે અને એટલે જ રાજ્યની જનતા છેલ્લાં ૨૫ વર્ષથી સતત ભાજપા પર વિશ્વાસ મૂકી સેવા કરવાનો અવસર આપી રહી છે.


શ્રી સી. આર. પાટીલે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા જાહેર કરાયેલ ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પોલિસી ૨૦૨૦ને આવકારતાં જણાવ્યું હતું કે, ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પોલિસી ૨૦૨૦ રાજ્યના સર્વાંગી વિકાસની યાત્રાને વેગ આપશે, રોજગારીની નવી તકોનું સર્જન થશે તેમજ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને ચરિતાર્થ કરવામાં આ પોલિસી કડીરૂપ ભૂમિકા ભજવશે.૩૫ લાખ જેટલા લઘુ ઉદ્યોગો ધરાવતા ગુજરાતમાં સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગોને વધુ બળ મળે તેમજ નવા એકમો સરળતાથી ચાલુ થાય તે દિશામાં લેવાયેલાં મહત્ત્વપૂર્ણ કદમ આવકાર્ય છે.

શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, કોવિડ-૧૯ની પ્રવર્તમાન પરિસ્થિતિમાં, અન્ય દેશની ઘણી કંપનીઓ તેમના ઉત્પાદનના એકમોનું સ્થળાંતર કરવા વિચારણા કરી રહી છે. ત્યારે આવી કંપનીઓને ગુજરાતમાં ઉત્પાદનના એકમ સ્થાપે તે માટે કેસ ટુ કેસ વિશેષ ઈન્સેન્ટિવ્સ આપવાની જાહેરાત પણ આવકાર્ય છે.આ પગલાંથી ગુજરાત ઘણી કંપનીઓના એકમ સ્થાપવાનું પસંદગીનું સ્થળ બનશે અને રોજગારી વધશે.

શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં વર્ષ ૨૦૧૯માં સમગ્ર દેશમાં ગુજરાતમાં બેરોજગારીનો દર સૌથી ઓછો ૩.૪% રહ્યો છે.ભારતના કુલ ઔદ્યોગિક ઉત્પાદનના ૧૭% હિસ્સા સાથે ઔદ્યોગિક ઉત્પાદનની બાબતમાં પણ ગુજરાત દેશભરમાં પ્રથમ સ્થાને છે. આમ, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત વિકાસના પથ પર સતત અગ્રેસર છે, ભાજપાના શાસનમાં ગુજરાતની વિકાસયાત્રા અવિરતપણે ચાલુ રહેશે.

•





**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ અંતર્ગત રૂપિયા એક લાખ કરોડની ધિરાણ સુવિધાની શરૂઆત અને 'પીએમ કિસાન યોજના' હેઠળ છઠ્ઠી વખતની આર્થિક સહાય સ્વરૂપે દેશના ૮.૫ કરોડ ખેડૂત પરિવારોને ડિબિટી દ્વારા રૂ.૧૭,૦૦૦ કરોડ ટ્રાન્સફર કરવાની કરાયેલ જાહેરાતને આવકારતા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ**




**વર્ષ ૨૦૧૪માં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળ કેન્દ્રમાં ભાજપાની સરકાર બની ત્યારથી જ કેન્દ્ર સરકાર દ્વારા ગામડું, ગરીબ અને કિસાનને કેન્દ્ર સ્થાને રાખીને વિવિધ હિતકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે - શ્રી સી. આર. પાટીલ**

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ અંતર્ગત રૂપિયા એક લાખ કરોડની ધિરાણ સુવિધાની શરૂઆતની અને 'પીએમ કિસાન યોજના' હેઠળ છઠ્ઠી વખતની આર્થિક સહાય સ્વરૂપે દેશનાં ૮.૫ કરોડ ખેડૂત પરિવારોને ડિબિટી દ્વારા રૂ.૧૭,૦૦૦ કરોડ ટ્રાન્સફર કરવાની કરેલ જાહેરાતને ભાજપાના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલે આવકારી હતી.

શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળ વર્ષ ૨૦૧૪માં કેન્દ્રમાં ભાજપાની સરકાર બની ત્યારથી જ કેન્દ્ર સરકાર દ્વારા ગામડું,ગરીબ અને કિસાનને કેન્દ્ર સ્થાને રાખીને વિવિધ હિતકારી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. ઉદ્યોગો માટે આજે જેમ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ છે તે જ પ્રકારનું આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર કૃષિ ક્ષેત્રે પણ સ્થાપિત થાય, દેશના ખેડૂતોએ પોતાનો પરસેવો પાડીને ઉપજાવેલું ધાન યોગ્ય સંગ્રહ વ્યવસ્થા ન હોવાના કારણે બગડી ન જાય અને ખેડૂતોને પોતાની પેદાશના યોગ્ય ભાવ મળી રહે તે માટે આજે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેતપેદાશોના ભંડારણ માટે આધુનિક વેરહાઉસ, કોલ્ડ ચેઈન સ્ટોરેજ સહિતની સુવિધાઓ ઉભી કરવા માટે એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ અંતર્ગત રૂપિયા એક લાખ કરોડની જાહેરાત કરી છે તેનાથી અવશ્યપણે રાજ્ય સહિત દેશના ખેડૂતોને ફાયદો થશે.

શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પીએમ કિસાન યોજના શરૂ કરીને દેશના ખેડૂતોને સન્માન નિધિના રૂપે છેલ્લા દોઢ વર્ષમાં ૭૫,૦૦૦ કરોડ રૂપિયાની આર્થિક સહાય ડીબિટીના માધ્યમથી સીધી ખેડૂતોના બેંક ખાતામાં જમા કરાવવામાં આવી છે, આ યોજના અંતર્ગત આજરોજ દેશના ૮.૫ કરોડ ખેડૂત પરિવારો ને ૧૭,૦૦૦ કરોડ રૂપિયા બેંક ખાતામાં જમા કરાવવાની ઘોષણા કરવામાં આવી છે. પ્રવર્તમાન કોરોના વાયરસ મહામારીના સમયમાં લોકડાઉનમાં પણ કેન્દ્રની ભાજપા સરકારે અનેકવિધ સહાયો કરી છે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશની કેન્દ્ર સરકાર ખેડૂતોની સાથે ખડેપગે ઊભી છે, દેશનો નાનામાં નાના ખેડૂતને સમૃદ્ધિ તરફ લઈ જવા માટેની પ્રતિબદ્ધતા સાથે અવિરતપણે કાર્ય કરી રહી છે ત્યારે ગુજરાતમાં પણ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતના ખેડૂતોની સમૃદ્ધિ અને સર્વાંગી વિકાસ માટે અનેક કૃષિલક્ષી નિર્ણયો લેવાઈ રહ્યા છે.





## આઈ.આઈ.એમ.ના રિપોર્ટની હાઈલાઇટ્સ

# મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં કોરોના વાયરસના સંક્રમણ-નિયંત્રણ માટે ગુજરાતે કરેલા પ્રયાસો પ્રશંસનીય

- મેનેજમેન્ટ ક્ષેત્રની વિશ્વવિખ્યાત સંસ્થા આઈ.આઈ.એમ-અમદાવાદ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલા એક રિપોર્ટમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં કોરોના વાયરસના સંક્રમણ-નિયંત્રણ માટે ગુજરાતે કરેલા પ્રયાસોને પ્રશંસનીય ગણાવાયા છે.
- મેનેજમેન્ટ ઓફ ધ કોવિડ-૧૯ પેન્ડેમીક ઈન ગુજરાત : અન્ડરસ્ટેન્ડિંગ ધી ગવર્નમેન્ટ ઈનિશિયેટીઝ, લીડરશીપ પ્રોસેસીસ એન્ડ ધેર ઈમ્પેક્ટ' શીર્ષક હેઠળ પ્રોફેસર રંજનકુમાર ઘોષ અને તેમની રિસર્ચ ટીમ દ્વારા આ રિપોર્ટ માટેનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.
- રાજ્ય સરકારે ડેડિકેટેડ કોવિડ હોસ્પિટલના નિર્માણની જાહેરાત કરી તેના થોડાક જ સમયની અંદર અમદાવાદમાં ૧૨૦૦ બેડ, રાજકોટમાં ૨૫૦ બેડ, સુરતમાં ૫૦૦ બેડ અને વડોદરામાં ૨૫૦ બેડ સહિત રાજ્યમાં ૨૨૦૦ બેડની ક્ષમતા કોરોનાની સારવાર માટે ઉપલબ્ધ બનાવી તે બદલ મુખ્યમંત્રીશ્રીના પ્રયાસોને આ રિપોર્ટમાં બિરદાવવામાં આવ્યા છે.
- આ રિપોર્ટ અનુસાર, ગુજરાત સરકાર દ્વારા માસ્ક, સેનિટાઈઝર જેવાં સુરક્ષા-સાધનોનું વિતરણ કરવામાં આવ્યું. રાજ્યના ૯૬ ટકા જેટલા કોરોના વોરિયર્સને સુરક્ષાનાં આ સાધનો મળવાથી દર્દીઓની સારવારની પ્રક્રિયા અસરકારક અને ઝડપી બની.
- આ રિપોર્ટ અનુસાર, પોલીસ વિભાગે તેની રોજિંદી કામગીરી ઉપરાંત અન્નક્ષેત્રો, રાશનની દુકાનો અને જાહેર વિતરણ વ્યવસ્થાનું મોનિટરીંગ કરીને કોરોના સંક્રમણને સીમિત બનાવવામાં ભૂમિકા ભજવી.
- આઈ.આઈ.એ- અમદાવાદના રિપોર્ટ અનુસાર, સંક્રમણ રોકવા અને નાગરિકોની સુખાકારી માટે લેવાયેલા નવીન પગલાંઓ જેમ કે ધન્વંતરી રથ, અન્નબ્રહ્મ યોજના, હાઈડ્રોજન-બલૂન આધારિત સર્વેલન્સ, સીએમ ડેશબોર્ડ દ્વારા સીધુ મોનિટરીંગ, જનજાગૃતિ માટે સક્રિય અભિયાન, અન્ય રાજ્યોના શ્રમિકોને મદદ માટે ટીમની રચના, જીવન જરૂરિયાતની સવલતોમાં ફી માફી જેવાં વિવિધ પગલાંઓ અસરકાર સાબિત થયા છે એમ જણાવવામાં આવ્યું છે.
- રાજ્ય સરકારે જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત વિના મૂલ્યે અનાજનો જથ્થો પૂરો પાડ્યો તેમજ ગુજરાતના ખૂણે-ખૂણા સુધી અનાજનો પૂરતો જથ્થો ઉપલબ્ધ બને તે સુનિશ્ચિત કર્યું એ બાબતનો ઉલ્લેખ પણ આ રિપોર્ટમાં વિસ્તૃતપણે કરવામાં આવ્યો છે.
- અન્ય રાજ્યોમાં રહેતા શ્રમિકોને મોટી સંખ્યમાં શ્રમિક ટ્રેન મારફતે તેમના વતન પહોંચાડવાના રાજ્ય સરકારના પ્રયાસોની નોંધ પણ આ રિપોર્ટમાં લેવામાં આવી છે. મે મહિનામાં માત્ર ૧૫-૨૦ દિવસના ગાળામાં ગુજરાતે ૧૦૦૦ જેટલી શ્રમિક ટ્રેનની વ્યવસ્થા કરીને ૧૪.૮ લાખ શ્રમિકોને તેમના વતન પહોંચાડ્યા.
- રાજ્ય સરકારે અપનાવેલા સર્વગ્રાહી હોલિસ્ટિક અભિગમને કારણે કોરોના સંક્રમણને રોકવામાં મોટી મદદ મળી. નાગરિકોના પ્રાથમિક આરોગ્ય માટે ધન્વંતરી - મોબાઈલ મેડિકલ વાનનો પ્રયોગ ઘણો આધારભૂત બની રહ્યો.
- આ રિપોર્ટ અનુસાર, મુખ્યમંત્રીશ્રીએ તંત્રને વિવિધ સૂચનાઓ આપવા તેમજ સૂચનાઓના અમલનું મોનિટરીંગ કરવા સીએમ ડેશબોર્ડનો સુચારુ ઉપયોગ કર્યો. આ ઉપરાંત સર્વેલન્સ માટે ડ્રોન, હાઈડ્રોજન બલૂન સહિતની પદ્ધતિઓનો પણ ઉપયોગ કરવામાં આવ્યો.
- આ રિપોર્ટ અનુસાર, કોરોના મહામારીના કારણે ઊભી થયેલી સંકટની પરિસ્થિતિમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રોએક્ટિવ અભિગમ દાખવીને વહીવટીતંત્ર સાથે તમામ સ્તરે સંકલન સાધીને અસરકારક કામગીરી કરી. સમયમર્યાદાની અંદર ઝડપી પગલાં લેવામાં આવ્યાં જેના લીધે વાઈરસના સંક્રમણથી થનારા નુકસાનને નિયંત્રણમાં રાખવામાં મદદ મળી.



- પ્રેરક શાહ



## રાજીવ ગાંધી ફાઉન્ડેશન સહિત ત્રણ ટ્રસ્ટને મળેલા ફંડની થશે તપાસ - કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા બનાવાઈ સમિતિ


# કોંગ્રેસ રાજમાં સોનિયા ગાંધીની પોતાની સંસ્થાઓને વિદેશી દેશો, કૌભાંડીઓ, આતંકવાદીનાં સંગઠન, વિદેશી કંપનીઓ, પ્રધાનમંત્રી રાહત કોષ તથા વિવિધ મંત્રાલયો તથા સરકારી વિભાગો દ્વારા જે દાન કરવામાં આવ્યું છે તેની પાછળનો હેતુ તપાસનો વિષય

**ચાઈના દ્વારા ૨૦૦૫ પછીના વર્ષોમાં સતત ફંડ આપવાનું ચાલુ રાખ્યું**

ગૃહ મંત્રાલય દ્વારા રાજીવ ગાંધી ફાઉન્ડેશન, રાજીવ ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ તથા ઇન્દિરા ગાંધી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા મેળવવામાં આવેલા ફંડની તપાસ કરવા માટે આ સમિતિ દ્વારા પીએમએલએ એક્ટ, ઇન્કમટેક્ષના કાયદા તથા એફસીઆરએ એક્ટ જેવા વિભિન્ન કાયદાના નિયમોનું પાલન કરવામાં આવ્યું છે કે નહિ તેની વિસ્તૃત તપાસ કરાશે. આ સમિતિના પ્રમુખ ઈડીના વિશેષ નિર્દેશક રહેશે. તાજેતરમાં જ એક ધ્યાન ખેંચાય તેવો રિપોર્ટ એક પ્રતિષ્ઠિત ચેનલ દ્વારા બતાવવામાં આવ્યો છે જેમાં દર્શાવવામાં આવ્યું છે કે સોનિયા ગાંધી જેનાં અધ્યક્ષ છે તેવા રાજીવ ગાંધી ફાઉન્ડેશનને યુપીએ સરકાર સત્તામાં હતી તે સમયગાળા દરમિયાન ચાઈનાના દૂતાવાસ તથા સરકાર તરફથી ૨૦૦૫થી ૨૦૦૯ના સમયગાળા દરમિયાન ત્રણ વખત અલગ અલગ કારણોસર ફંડ આપવામાં આવ્યું છે જેમાં એક વખત ૩,૦૦,૦૦૦ અમેરિકન ડોલર, બીજીવાર ૧૦,૦૦,૦૦૦ લાખ રૂપિયા અને ત્રીજીવાર રાજીવ ગાંધી ફાઉન્ડેશનને ૯૦,૦૦,૦૦૦ લાખ રૂપિયાનું ચાઈના દ્વારા દાન કરવામાં આવ્યું છે. રાજીવ ગાંધી ફાઉન્ડેશનનો વાર્ષિક રીપોર્ટ જોતાં ધ્યાનમાં આવ્યું છે કે ચાઈના દ્વારા ૨૦૦૫ પછીનાં વર્ષોમાં પણ સતત આ પ્રકારે ફંડ આપવાનું ચાલુ રાખ્યું છે.

**રાજીવ ગાંધી ફાઉન્ડેશનને આયરલેંડ, લકઝમબર્ગ તથા યુરોપના બીજા ઘણા દેશોની સરકાર દ્વારા પણ દાન મળ્યું છે**

અહીંયાં એ વાત અગત્યની છે કે રાજીવ ગાંધી ફાઉન્ડેશનમાં સોનિયા ગાંધી અધ્યક્ષ છે તથા રાહુલ ગાંધી અને પ્રિયંકા વાડ્રા વર્ષ ૨૦૦૫થી ટ્રસ્ટી છે. વર્ષ ૨૦૦૮માં કોંગ્રેસ પાર્ટી વતી મહામંત્રી રાહુલ ગાંધી તથા ચાઈનાની કોમ્યુનિસ્ટ પાર્ટીવતી વાંગ જી સુઈ એ બંને પાર્ટી વચ્ચે એક કરાર કરવામાં આવે છે જે અંતર્ગત મહત્ત્વની માહિતીની આપલે કરવામાં આવશે તથા નિયમિત મીટિંગ કરવામાં આવશે. તેથી કેટલાક સવાલ સ્વાભાવિક ઊઠે છે કે કોંગ્રેસ પાર્ટીએ સીપીસી પાસેથી રાજીવ ગાંધી ફાઉન્ડેશનમાં પ્રાઈવેટ ડોનેશન કેમ લીધું ? આ ફંડ મેળવ્યું એના બદલામાં ૨૦૧૨માં કોંગ્રેસ સરકાર દ્વારા ચીન સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેંટ પર દસ્તખત કર્યા ? ૨૦૦૮માં કોંગ્રેસ તથા ચાઈનાની કોમ્યુનિસ્ટ પાર્ટી વચ્ચે જે સીક્રેટ કરાર થયા તેમાં બીજી કેટલી મહત્ત્વની માહિતીની આપલે કરવાની વાત હતી ? સામાન્ય રીતે કોઈ પણ દેશના રાજદૂતને સેક્રેટરી કે જોઈન્ટ સેક્રેટરી લેવલને દરજ્જો મળે છે. પરંતુ ભારતમાં ચાઈનાના રાજદૂતને વર્ષ ૨૦૦૮માં ઉપમંત્રીનો દરજ્જો કેમ આપવામાં આવ્યો ? અટલજીની સરકારમાં LAC(એલએસી) પર શરૂ કરવામાં આવેલું બોર્ડર રોડ પ્રોજેક્ટ ICBR તેના નિયત સમય ૨૦૧૨માં કેમ પૂર્ણ કરવામાં ન આવ્યું? યુપીએ સરકાર સમયે ચાઈનાને Tia Pangnak (ટીઆ પેંગનાક), Chabji Valley તથા Demzok (ડેકઝોક) પર કબજો કેમ કરવા દીધો? આમ આ ઉપરોક્ત ઘટનાક્રમ જોતાં ચાઈના દ્વારા રાજીવ ગાંધી ફાઉન્ડેશનને ફંડ આપવું તે શંકાસ્પદ છે તથા તપાસ પણ માંગી લે છે. આ વર્ષોમાં માત્ર ચાઈના જ નહિ પરંતુ



રાજીવ ગાંધી ફાઉન્ડેશનને આયરલેંડ, લકઝમબર્ગ તથા યુરોપના બીજા ઘણા દેશોની સરકાર દ્વારા પણ દાન મળ્યું છે. એક રિપોર્ટમાં એ પણ જાણવા મળ્યું છે કે FNS (ફેડરીક નોમાન સ્ટીફ ટંગ) દ્વારા પણ ખૂબ જ મોટું દાન આપવામાં આવ્યું છે. એફએનએસ જે જર્મની સ્થિત એક ડાબેરી સંગઠન છે જે જર્મનીમાં જ કેટલીક સંકાસ્પદ પ્રવૃત્તિમાં સંલગ્ન છે.

**રાજીવ ગાંધી ફાઉન્ડેશનને પ્રધાનમંત્રી રાહત કોષમાંથી દાન આપવામાં આવ્યું છે**

આ સિવાય રાજીવ ગાંધી ફાઉન્ડેશનને PMNRF પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ફંડમાંથી પણ ફંડ ફાળવવામાં આવ્યું છે. ૧૯૯૧માં જયારે ડૉ. મનમોહનસિંહજી ફાઈનાન્સ મિનિસ્ટર હતા ત્યારે ૨૦ કરોડ રૂપિયા દર વર્ષ એમ પાંચ વર્ષ સુધી પીએમએનઆરએફમાંથી રાજીવ ગાંધી ફાઉન્ડેશનને આપવામાં આવ્યા છે. વર્ષ ૨૦૦૫-૨૦૦૬, ૨૦૦૬-૨૦૦૭ તથા ૨૦૦૭-૨૦૦૮ના વાર્ષિક રીપોર્ટમાં પણ એ બાબતનો ઉલ્લેખ છે કે રાજીવ ગાંધી ફાઉન્ડેશનને પ્રધાનમંત્રી રાહત કોષમાંથી દાન આપવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત કોષ વર્ષ ૧૯૪૮માં ઊભું કરવામાં આવ્યું હતું. શરૂઆતનાં વર્ષોમાં તેનો મુખ્ય ઉદ્દેશ ભારતના વિભાજન તથા ત્યારબાદ પાકિસ્તાનથી વિસ્થાપિત થયેલા લોકોની મદદ કરવી જયારે હવે તેનો ઉદ્દેશ પૂર, ભૂકંપ, સુનામી જેવી કુદરતી આપદામાં પીડિત પરિવારોને રાહત આપવાનો છે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત કોષમાં છેલ્લા પાંચ દાયકા કરતાં વધારે સમયથી એક જ ઓડિટર હતા જે ૨૦૧૭-૧૮ સુધી રહ્યા છે. કંપની એક્ટ પ્રમાણે એ સમયે સમયે બદલાવા જોઈએ. જે ઓડિટ ફર્મ હતી તેનું નામ ઠાકુર વૈદ્યનાથ એન્ડ ઐયર કંપની છે જેના એક ફાઉન્ડર રામેશ્વર ઠાકુર છે જે કોંગ્રેસ પાર્ટીના જ નેતા છે જે સાંસદ પણ બન્યા તથા ત્યાર બાદ કેન્દ્રમાં મંત્રી પણ બન્યા તથા ૨૦૦૪થી ૨૦૦૬ દરમિયાન ઓરિસ્સા તથા ૨૦૦૯થી ૨૦૧૧ના સમયગાળા દરમિયાન મધ્યપ્રદેશના રાજયપાલ પણ બન્યા છે. તેથી પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત કોષનું કેવું ઓડિટ થતું હશે તે પણ શંકાસ્પદ છે. રાજીવ ગાંધી ફાઉન્ડેશનને ભારત સરકારની વિવિધ સંસ્થા તથા મંત્રાલયો તરફથી પણ મોટા પ્રમાણમાં દાન મળ્યું છે, જેમાં પર્યાવરણ અને વન, સ્વાસ્થ્ય, પરિવાર કલ્યામ તથા લઘુઉદ્યોગ જેવાં મંત્રાલયોનો સમાવેશ થાય છે. તેથી તપાસનો વિષય છે કે કયા હેતુ માટે આ ફંડ આપવામાં આવ્યું છે તથા જે હેતુ માટે આપવામાં આવ્યું છે તે હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવ્યું છે કે નહિ.

**૨૦૧૪-૨૦૧૫માં મેહુલ ચોકસીએ પણ દાન આપ્યું છે**

રાજીવ ગાંધી ફાઉન્ડેશનને ૨૦૧૪-૨૦૧૫માં મેહુલ ચોક્સીએ પણ દાન આપ્યું છે. રાજીવ ગાંધી ફાઉન્ડેશનને વાર્ષિક રિપોર્ટમાં નવરાજ એસ્ટેટ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપનીએ દાન આપ્યું છે એ દર્શાવેલું છે. આ કંપનીના મુખ્ય ડાયરેક્ટરોમાં મેહુલ ચોકસી પણ એક છે. મેહુલ ચોકસી તથા તેનો ભત્રીજો નીરવ મોદી ૧૪,૦૦૦ કરોડના પંજાબ નેશનલ બેંકના ગોટાળામાં ફરાર છે.

**રાજીવ ગાંધી ફાઉન્ડેશનને વર્ષ ૨૦૧૧માં આતંકવાદી ઝાકિર નાઈકના સંગઠન ઈસ્લામિક રીસર્ચ ફાઉન્ડેશન દ્વારા પણ ૫૦ લાખ રૂપિયાનું દાન કરવામાં આવ્યું છે**

વર્ષ ૨૦૧૮-૨૦૧૯ના આરજીએફના વાર્ષિક રિપોર્ટમાં ઉલ્લેખ છે કે તેને ભારતી ફાઉન્ડેશન તરફથી પણ દાન મળ્યું છે. ભારતી ફાઉન્ડેશન ચાઈનાની ટેલીકોમની દિગ્ગજ કંપની હુઆવેઈ (HUAWEI)ની ભાગીદારી છે. રાજીવ ગાંધી ફાઉન્ડેશનને વર્ષ ૨૦૧૧માં આતંકવાદી ઝાકિર નાઈકના સંગઠન ઈસ્લામિક રીસર્ચ ફાઉન્ડેશન દ્વારા પણ ૫૦ લાખ રૂપિયાનું દાન કરવામાં આવ્યું છે. આ તમામ બાબત જોતાં સ્પષ્ટ થાય છે કે કોંગ્રેસ રાજમાં સોનિયા ગાંધીની પોતાની સંસ્થાઓને વિદેશી દેશો, કૌભાંડીઓ, આતંકવાદીના સંગઠન, વિદેશી કંપનીઓ, પ્રધાનમંત્રી રાહત કોષ તથા વિવિધ મંત્રાલયો તથા સરકારી વિભાગો દ્વારા જે દાન કરવામાં આવ્યું છે તેની પાછળનો હેતુ તપાસનો વિષય છે.





# કોરોનાની મહામારીના સમયમાં પણ ભારત વિદેશી રોકાણ માટે સૌથી અનુકૂળ દેશ છેલ્લા ૨-૩ મહિનામાં ૨૦ અબજ યુએસ ડોલરથી વધુનું રોકાણ

**નજર કરીએ તાજેતરનાં રોકાણો (એપ્રિલ-જુલાઈ ૨૦૨૦) પર**

**૧. ગૂગલ**

રોકાણની રકમ - ૧૦ અબજ ડોલર

**૨. વોલમાર્ટ**

રોકાણની રકમ - ૧.૨ અબજ ડોલર

**૩. ફોક્સકોન (એપલ માટે ઈન્ક સપ્લાયર )**

રોકાણની રકમ - ૧ અબજ ડોલર

**૪. ફેસબુક**

રોકાણની રકમ - વિશ્વની સૌથી મોટી સોશ્યલ મીડિયા કંપનીએ ભારતના રિલાયન્સ જિઓ પ્લેટફોર્મમાં ૭ અબજ ડોલરનું રોકાણ કર્યું છે. ફેસબુક દ્વારા કોઈ બીજી કંપનીમાં કરવામાં આવેલું આ સૌથી મોટું રોકાણ છે.

**૫. ક્વાલકોમ વેન્ચર્સ**

રોકાણ રકમ - ૯.૭ કરોડ ડોલર

**૬. થોમસન**

રોકાણની રકમ - ૧૪.૨૮ કરોડ ડોલર

**૭. વી વર્ક ગ્લોબલ**

રોકાણ રકમ - ૧૦ કરોડ ડોલર

**૮. હિટાચી**

રોકાણ રકમ - ૧૫.૯ મિલિયન ડોલર

**૯. કિયા મોટર્સ**

રોકાણ રકમ - ૫૪ મિલિયન ડોલર

**૧૦. પીઆઈએફ (સાઉદી અરેબિયા)**

રોકાણની રકમ - ૧.૬ અબજ ડોલર

**૧૧. હ્યુન્ડાઈ મોબીઝ**

રોકાણ - હ્યુન્ડાઈ મોબીઝે ભવિષ્યના વાહનો માટે સોફ્ટવેરને મજબૂત બનાવવા માટે ભારતમાં તેના ટેક્નિકલ કેન્દ્રનો વિસ્તાર કર્યો છે. આ વિસ્તરણ દ્વારા કંપનીનું લક્ષ્ય છે કે ભારતમાં તેની આર એન્ડ ડી પ્રવૃત્તિઓને વધુ મજબૂત બનાવવી, સ્વાયત્ત વાહનો માટે સોફ્ટવેરનો વિકાસ કરવો.

**૧૨. એસજીએસ**

એસજીએસ પેકેજીંગમાં એમેઝોનની વિશ્વસનીય ભાગીદાર છે અને વિશ્વની અગ્રણી નિરીક્ષણ, ચકાસણી, પરીક્ષણ અને પ્રમાણપત્ર કંપનીઓમાંની એક છે. ફ્રાન્સના બોર્ડેક્સના સેસ્તાસમાં અને યુ.એસ.ના એપ્પલટનમાં કંપનીએ ભારતમાં તેમજ વિશ્વના અન્ય ભાગોમાં તેની પ્રથમ માન્યતા પરીક્ષણ પ્રયોગશાળા ખોલી છે.

**૧૩. એક્સ્ટ્રિયા**

બાયોલોજી કમર્શિયલ બિઝનેસમાં ડેટા એનાલિટિક્સ અને ક્લાઉડ સોફ્ટવેરમાં વિશ્વની અગ્રણી કંપની એક્સ્ટ્રિયાએ દક્ષિણ ભારતમાં તેનું પ્રથમ વિતરણ કેન્દ્ર ખોલી ભારતમાં તેની હાજરીને વધુ વિસ્તૃત કરી છે. ડેટા એનાલિટિક્સ અને ક્લાઉડ સોફ્ટવેર ક્ષેત્રે અગ્રેસર, કંપની ભારતમાં વધતી જતી બજારની માંગને પહોંચી વળવા રોજગારની નવી તકો ઊભી કરી કરશે.

**૧૪. F5**

એફ ૫ કે જે એપ્લિકેશન આધારિત પ્લેટફોર્મ માટે સોલ્યુશન્સ પ્રદાન કરનારી કંપની છે તેણે ભારતમાં તેનું પહેલું સેન્ટર ખોલ્યું છે. સિડની અને હોંગકોંગ, ઓસ્ટ્રેલિયામાં સફળ પ્રક્ષેપણ પછી, કંપનીએ ભારતમાં તેનું પ્રથમ કેન્દ્ર ખોલ્યું છે.

**૧૫. સુઝુકી**


જાપાનની અગ્રણી ઈલેક્ટ્રોનિક્સ કંપનીઓમાંની એક, સુઝુકીએ ભારતના હરિયાણાના ઝજ્જરમાં રિલાયન્સની મોડેલ ઈકોનોમિક ટાઉનશીપમાં એક નવો પ્લાન્ટ શરૂ કર્યો છે.

**૧૬. સેમસંગ**

દક્ષિણ કોરિયન દિગ્ગજ કંપનીએ હવે ભારતમાં તેની ૧૮ સ્માર્ટવોચની સંપૂર્ણ શ્રેણીનું ઉત્પાદન શરૂ કર્યું છે. કંપનીની પાસે નોઈડામાં સૌથી મોટી સ્માર્ટફોન મેન્યુફેક્ચરિંગ સુવિધા છે. કંપનીએ એક નવી ૪જી ક્ષમતાવાળી સ્માર્ટવોચ પણ લોન્ચ કરી છે જેનું નિર્માણ ભારતમાં કરવામાં આવશે.

●

**પ્રશાંત વાળા**



**ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર. પાટીલના અધ્યક્ષસ્થાને રાજકોટ મહાનગર તેમજ સૌરાષ્ટ્ર વિભાગના કાર્યાલયનું ઈ-ખાતમુહૂર્ત રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે ગાંધીનગર ખાતેથી ડિજિટલ માધ્યમ દ્વારા કરવામાં આવ્યું**

# કાર્યકર્તા, કાર્યાલય, કોષ અને કાર્યક્રમ, સંગઠનની વ્યવસ્થા મજબૂત બનાવવા માટે આ ચાર બાબત ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે - શ્રી વિજયભાઈ રૂપાણી

**આપણે એવો સમય પણ જોયો છે કે કાર્યકર્તાઓના ઘરના રૂમમાં પક્ષનું કાર્યાલય ચાલતું હતું, લાખો કાર્યકર્તાઓના સંઘર્ષ, ત્યાગ, બલિદાનના કારણે ભાજપા આજે વિશાળ વટવૃક્ષ બન્યું છે અને રાજકોટ ખાતે અદ્યતન સુવિધા સાથેના ભવ્ય કાર્યાલયનું નિર્માણ થવા જઈ રહ્યું છે -શ્રી સી.આર.પાટીલ**

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલના અધ્યક્ષસ્થાને રાજકોટ મહાનગર તેમજ સૌરાષ્ટ્ર વિભાગના કાર્યાલયનું ઈ-ખાતમુહૂર્ત રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે ગાંધીનગર ખાતેથી ડિજિટલ માધ્યમ દ્વારા કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયા અને રાજકોટ મહિલા મોરચાના પ્રભારી શ્રીમતી અંજલિબેન રૂપાણી ઉપસ્થિત રહ્યાં હતાં.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, જનસંઘના સમયે રાજકોટમાં એસ.ટી. બસ સ્ટેન્ડની સામે એક નાનકડા રૂમમાં કાર્યાલય હતું, કાર્યકર્તાઓના અથાક પરિશ્રમથી આજે ભાજપાનો વ્યાપ વધી રહ્યો છે, આપણે વિશ્વની સૌથી મોટી રાજનૈતિક પાર્ટી બન્યા છીએ ત્યારે રાજકોટ મહાનગર અને સૌરાષ્ટ્ર ઝોનનું ૬૦ હજાર ચોરસ ફૂટ જેટલું વિશાળ કાર્યાલય બનવા જઈ રહ્યું છે, ત્યારે હું રાજકોટ તેમજ સૌરાષ્ટ્રના ભાજપાના તમામ કાર્યકર્તાઓને નવા કાર્યાલયના નિર્માણ માટે શુભકામનાઓ પાઠવું છું.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, કાર્યકર્તા, કાર્યાલય, કોષ અને કાર્યક્રમ, સંગઠનની વ્યવસ્થા મજબૂત બનાવવા માટે આ ચાર બાબત ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે ત્યારે આ ભવ્ય કાર્યાલયની દીવાલોનું મહત્ત્વ નથી પણ કાર્યાલયની અંદર ચાલતી પ્રવૃત્તિઓ સર્વસ્પર્શી, સર્વવ્યાપી બને, પ્રજાહિતમાં કાર્યકર્તાઓ વધુ સુદૃઢ રીતે પોતાનું યોગદાન આપે તે પ્રકારનું આયોજન કરવામાં આવે અને ભવિષ્યમાં રાજકોટ મહાનગર અને સૌરાષ્ટ્રનું આ નવીનતન કાર્યાલય ભાજપા સંગઠનનું પાવરહાઉસ બની લોકસેવા અને રાષ્ટ્રસેવાનાં કાર્યોને વધુ ને વધુ વેગ આપશે. ભાજપા એકમાત્ર રાજકીય પાર્ટી છે જેમાં કાર્યકર્તાઓને એકબીજા પ્રત્યે પ્રેમ, લાગણી અને આત્મીયતા છે, અને સૌ એક પરિવારની જેમ એક બનીને રાષ્ટ્રહિતમાં કાર્ય કરે છે.

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, નવા કાર્યાલયના નિર્માણ બાદ નવીનતમ કાર્યપદ્ધતિ સાથે કાર્ય કરીને વિવિધ સંગઠનલક્ષી કામગીરી વધુ વેગવંતી થશે, નવા પ્રતિભાશાળી કાર્યકર્તાઓનું નિર્માણ થશે, ભાજપાનો વ્યાપ વધુ વધશે.

ભાજપાના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલે ખાતમુહૂર્ત સમારોહમાં ઉપસ્થિત સૌ આગેવાનશ્રીઓ અને કાર્યકર્તાઓને રાજકોટ મહાનગર અને સૌરાષ્ટ્ર વિભાગના નવા કાર્યાલયના નિર્માણ માટે શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે, આપણે એવો સમય પણ જોયો છે કે કાર્યકર્તાઓના ઘરના રૂમમાં પક્ષનું કાર્યાલય ચાલતું હતું, આજે લાખો કાર્યકર્તાઓના સંઘર્ષ, ત્યાગ અને બલિદાનના કારણે ભાજપા આજે વિશાળ વટવૃક્ષ બન્યું છે. આજે રાજકોટ ખાતે અદ્યતન સુવિધા સાથેના ભવ્ય કાર્યાલયનું નિર્માણ થવા જઈ રહ્યું છે ત્યારે હું સૌ વરિષ્ઠ આગેવાનશ્રીઓ અને સિનિયર કાર્યકર્તાઓ કે જેમણે કઠિન પરિસ્થિતિઓનો સામનો કરીને ભાજપાની વિચારધારાનો વ્યાપ વધારી એક વૃક્ષની જેમ પાર્ટીનો ઉછેર કર્યો તે સૌને હું અભિનંદન પાઠવું છું.

તેમણે જણાવ્યું હતું કે, મને વિશ્વાસ છે કે ભવિષ્યની જરૂરિયાતોને અનુલક્ષીને તમામ સુવિધાઓથી સજ્જ આ નવીન કાર્યાલય આગામી સમયમાં રાજકોટ અને સૌરાષ્ટ્ર ઝોનમાં ભાજપાની કામગીરીમાં કડીરૂપ સાબિત થશે. શ્રી પાટીલે સુનિયોજિત રીતે કાર્ય કરીને નવીન કાર્યાલયનું બાંધકામ નક્કી કરેલ સમયમર્યાદા કરતાં વહેલાં પૂર્ણ કરવા પણ આહ્‌વાન કર્યું હતું. આ ઉપરાંત ટેક્‌નોલોજીનો ઉપયોગ કરીને નવા કાર્યાલયમાં વિસ્તારના તમામ કાર્યકર્તાઓનો ડિજિટલ ડેટા બનાવવાની બાબત ઉપર તેમણે ભાર મૂક્યો હતો.



## મુખ્યમંત્રીશ્રીના જન્મદિવસની સંવેદનાપૂર્ણ ઉજવણી કરી નાના માણસને બેઠા કરવાનો સેવાયજ્ઞ




# મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના ૬૫મા જન્મદિવસે નાના ધંધા-રોજગાર વ્યવસાયકારોના આર્થિક પુનરુત્થાન માટે સમર્પિત કરતાં આત્મનિર્ભર ગુજરાત સહાય પેકેજ અન્વયે ૧૦૦ કરોડ રૂપિયાના ધિરાણ-સહાય ચેકનું વર્ચ્યુઅલ વિતરણ

મુખ્યમંત્રીશ્રીએ રાજકોટ નાગરિક સહકારી બેંકના ઉપક્રમે આયોજિત લોન સહાય વિતરણમાં વીડિયો કોન્ફરન્સથી સંબોધન કરતાં લોકડાઉનમાં આર્થિક નુકસાન સહન કરનારા નાના વેપારી ધંધા-રોજગાર કરનારાઓને આ સહાયથી પહેલાં કરતાં સવાયા બેઠા કરવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે આવા નાના કારીગરો ધંધા-વ્યવસાયકારોને પાંચ-પચ્ચીસ હજારની રોકડ સહાય આપી પ્રસિદ્ધિ મેળવી લેનારી આ સરકાર નથી.

"આપણે તો નાના પણ મોટા મનના ઈમાનદાર લોકોને આર્થિક રીતે પુનઃ બેઠા કરવા તેમની આંગળી પકડીને સ્થિર આવક આપવાની મથામણ આદરી છે" એમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે આ.મથામણના પરિપાકરૂપે આત્મનિર્ભર ગુજરાત સહાય પેકેજ અંતર્ગત રૂ. ૧ લાખ સુધીની લોન આપી રહ્યા છીએ.

શ્રી વિજયભાઈ રૂપાણીએ ઉમેર્યું કે આવા કારીગરો-વ્યવસાયકારોની મહેનત એળે ન જાય, તેમને ધંધા-વ્યવસાય માટે કોઈ પાસે હાથ લાંબો ન કરવો પડે અને સ્વમાનભેર લોન સહાય મેળવી ફરી બેઠા થાય તે માટે રાજ્ય સરકાર નાગરિક સહકારી બેંકો દ્વારા રૂ. ૧ લાખ સુધીની લોન માત્ર બે ટકાના વ્યાજદરે આપે છે.

તેમણે રાજકોટ નાગરિક સહકારી બેંક સહિત નાગરિક સહકારી બેંકોએ આ માટે સરકારને આપેલા સહયોગની પ્રશંસા કરતાં કહ્યું કે, 'નાના માણસોની મોટી બેંક નાગરિક બેંકો છે'.

તેમાંથી પ્રેરણા લઈ જો મોટી બેન્કો પણ ૧૦૦ કરોડના આવા લોન સહાયના ટાર્ગેટ સાથે આગળ આવે તો રાજ્યભરમાં ૩ હજાર કરોડ રૂપિયાની સહાયથી નાના ધંધા-વ્યવસાયકારોને નવી દિશા મળશે એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતે કોરોના સંક્રમણ કાળમાં પણ વિકાસકૂચ જારી રાખીને વેપાર-ઉદ્યોગ ક્ષેત્રે બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટનું સ્થાન જાળવી રાખ્યું છે તેની ભૂમિકા આપી હતી.


તેમણે પાંચ લાભાર્થીઓને ગાંધીનગરમાં ટોકન રૂપે આ સહાયના ચેક વિતરણ કર્યા હતા.

રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૯૬ નાગરિક સહકારી બેંકો, ૧૭ જિલ્લા મધ્યસ્થ બેન્કો અને ૧૬૯ શરાફી સહકારી મંડળીઓએ ૫૩૯૫૨ વ્યક્તિઓને કુલ ૫૩૭ કરોડ રૂપિયાની સહાય લોન આપી છે. આ લોન માત્ર બે ટકાના વ્યાજે અને પ્રથમ છ મહિના એક પણ હપ્તો નહીં ભરવાની સુવિધા સાથે આપવામાં આવેલી છે.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટ મત વ્યક્ત કર્યો કે, સમાજના નાનામાં નાના માનવીની આપત્તિમાં પડખે ઊભા રહીને સૌના સુખે સુખી, સૌના દુઃખે દુઃખીની સંવેદના સાથે રાજ્ય સરકાર દાયિત્વ નિભાવે છે.

આવી લોન સહાય કોરોનાની આફતને અવસરમાં પલટાવી અદના આદમીને ફરીથી બેઠા થવામાં ઉપકારક બનશે એવો વિશ્વાસ પણ તેમણે દર્શાવ્યો હતો.

●



**ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલની અધ્યક્ષતામાં આઈ.ટી.અને સોશિયલ મીડિયાના સંદર્ભમાં વર્ચ્યુઅલ બેઠક યોજાઈ**

# આપણે સૌ નસીબદાર છીએ કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજથી ઘણાં વર્ષો પહેલાં આઈ.ટી.અને સોશિયલ મીડિયાનું મહત્ત્વ સમજીને આપણને સૌને તે દિશામાં આગળ વધવા પ્રેરિત કર્યા હતા - શ્રી સી. આર. પાટીલ



ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલની અધ્યક્ષતામાં તથા રાષ્ટ્રીય સહ-સંગઠન મહામંત્રી શ્રી વી. સતીશજી અને પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયાની વિશેષ ઉપસ્થિતિમાં વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ગુજરાત ભાજપાના તમામ સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તથા પ્રદેશ હોદ્દેદારશ્રીઓ સાથે આઈ. ટી. અને સોશિયલ મીડિયાના સંદર્ભમાં વર્ચ્યુઅલ બેઠક યોજાઈ હતી, જેમાં કેન્દ્રીય મંત્રી શ્રી પરસોત્તમભાઈ રૂપાલા તેમજ પૂર્વપ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી પણ જોડાયા હતા.

પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, સોશિયલ મીડિયા અને ટેક્નોલોજીનો ઉપયોગ આજના સમયમાં રાજકીય પાર્ટી માટે અનિવાર્ય છે. આપણે સૌ નસીબદાર છીએ કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજથી ઘણાં વર્ષો પહેલાં આઈ.ટી.અને સોશિયલ મીડિયાનું મહત્ત્વ સમજીને આપણને સૌને તે દિશામાં આગળ વધવા પ્રેરિત કર્યા હતા. ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગ દ્વારા શ્રી મોદીસાહેબે દેશ અને દુનિયાના રાજકારણમાં નવો ચીલો ચાતરીને સોશિયલ મીડિયાને લોકસેવા માટેનું ઉત્તમ માધ્યમ સાબિત કર્યું છે.

કોરોના મહામારીના કાળમાં વેબિનાર, વર્ચ્યુઅલ રેલી તથા વીડિયો કોન્ફરન્સના માધ્યમથી વિકટ કાળમાં પણ ભાજપાનું નેતૃત્વ તેમજ કાર્યકર્તાઓ જન જન સાથે જોડાયેલા રહ્યા અને લોકોને ઉપયોગી થઈ શક્યા છે. ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગ અને સોશિયલ મીડિયાના માધ્યમ દ્વારા કોરોનાના કપરા કાળમાં પણ અવિરત જનસેવા, જનસંપર્ક અને જનસંવાદનાં સર્વાધિક કાર્યો કરનારી વિશ્વની એકમાત્ર રાજકીય પાર્ટી ભાજપા બની છે, જે આપણા સૌ માટે ગૌરવની બાબત છે.

તેમણે જણાવ્યું હતું કે, આજના સમયમાં સોશિયલ મીડિયા એક અસરકારક માધ્યમ બન્યું છે. ત્યારે આપણી સાચી વાત, આપણાં પ્રજાકીય કાર્યો તેમજ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની યોજનાઓ વધુ ને વધુ લોકો સુધી પહોંચાડવા માટે તમામ જનપ્રતિનિધિઓએ સતર્કતા, સક્રિયતા અને સમજદારીપૂર્વક સોશિયલ મીડિયાનો ઉપયોગ વધારી પોતાના વિસ્તારોના વધુ ને વધુ લોકો સાથે સીધો સંવાદ કરવો જરૂરી છે. તેમણે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની નમો એપના મહત્તમ ઉપયોગ પર ભાર મૂકી નમો એપની ઉપયોગિતા પણ સમજાવી હતી.

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ટેક્નોલોજી અને સોશિયલ મીડિયાના સુચારુ ઉપયોગ દ્વારા સરકારી કામકાજમાં પણ બહુ મોટાં પરિવર્તનો લાવી શક્યા છે - શ્રી વી. સતીષજી**

રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રીશ્રી વી. સતીષજીએ તેમના વક્તવ્યમાં ઈફેક્ટિવ કોમ્યુનિકેશન અને ડેટા પાવરનું મહત્ત્વ સમજાવતાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ટેક્નોલોજી અને સોશિયલ મીડિયાના સુચારુ ઉપયોગ દ્વારા સરકારી કામકાજમાં પણ બહુ મોટાં પરિવર્તનો લાવી શક્યા છે. વર્ષોથી દેશ જે ભોગવી રહ્યો હતો તેવી ભ્રષ્ટાચારની સમસ્યાને પણ પ્રધાનમંત્રીશ્રી મોદીએ ટેક્નોલોજીના માધ્યમથી દૂર કરવાનું ભગીરથ કાર્ય કર્યું છે. ભાજપાના જનપ્રતિનિધિઓએ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલને ટુ વે કોમ્યુનિકેશનનું સાધન બનાવી તમામ વર્ગના લોકો સાથે જીવંત સંપર્ક રાખી તેમની સમસ્યાના સમાધાનમાં મદદરૂપ થવું જોઈએ.

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા જાહેર કરાયેલ 'આત્મનિર્ભર ભારત અભિયાન' તથા 'વોકલ ફોર લોકલ'નો વિચાર સોશિયલ મીડિયાના માધ્યમથી વધુ ને વધુ લોકો સુધી પહોંચે તે માટે સૌ જનપ્રતિનિધિઓએ સજ્જ થવું જોઈએ - શ્રી ભીખુભાઈ દલસાણિયા**

પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયાએ આગામી કાર્યક્રમો વિષે જાણકારી આપી હતી તેમજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા જાહેર કરાયેલ 'આત્મનિર્ભર ભારત અભિયાન' તથા 'વોકલ ફોર લોકલ'નો વિચાર સોશિયલ મીડિયાના માધ્યમથી વધુ ને વધુ લોકો સુધી પહોંચે તે માટે સૌ જનપ્રતિનિધિઓને સજ્જ થવા સમજાવ્યું હતું. •





# ભવ્ય રામ મંદિરના શીલાન્યાસની ક્ષણોને વધાવવા પ્રદેશ ભાજપ કાર્યાલય કમલમ્‌ને ૧૧૦૦ દીવાઓ પ્રજ્વલિત કરી દિવાળી સમાન દૈદિપ્યમાન કરાયું - ભરતભાઈ પંડ્યા

ભાજપાના પ્રદેશ પ્રવક્તા શ્રી ભરતભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે, ૫ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ અયોધ્યા ખાતે ભગવાન શ્રીરામના ભવ્ય મંદિરનું ભૂમિપૂજન અને શિલાન્યાસ દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના કરકમલો દ્વારા કરવામાં આવ્યું હતું. ગુજરાત પ્રદેશ ભાજપા આ પાવનકારી પ્રસંગને આવકારી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સર સંઘચાલક મોહન ભાગવતજી અને ઉત્તર પ્રદેશના મહામહિમ રાજ્યપાલશ્રી આનંદીબેન પટેલ તથા ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીશ્રી યોગી આદિત્યનાથજીને અભિનંદન પાઠવે છે.

કરોડો દેશવાસીઓની આસ્થા અને શ્રદ્ધાના પ્રતીક સમાન નિર્મિત થનારા આ ભવ્ય મંદિરના ભૂમિપૂજન પ્રસંગનો ઉત્સાહ ગુજરાત સહિત સમગ્ર દેશભરમાં જોવા મળી રહ્યો છે. આ સંદર્ભે ગુજરાત ભાજપાના ગાંધીનગર સ્થિત પ્રદેશ કાર્યાલય ''શ્રી કમલમ્''ને રંગબેરંગી લાઈટિંગ, ફૂલહાર અને ભગવાન શ્રીરામ તથા રામ મંદિરની પ્રતિકૃતિ રૂપ આકર્ષક રંગોળીથી સુશોભિત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ભગવાન શ્રીરામના મંદિરના ભૂમિપૂજન અને શિલાન્યાસ સમારોહનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.

સત્ય, ન્યાય, કર્તવ્ય, કલ્યાણ રાજ્યના સ્થાપક ભગવાન શ્રીરામ મંદિરના પુનઃ નિર્માણ શિલાન્યાસનો આ અભૂતપૂર્વ પ્રસંગ કરોડો દેશવાસીઓના સંકલ્પને મળેલ સાકાર સ્વરૂપ છે. ભગવાન શ્રીરામ રાષ્ટ્રની શક્તિ છે, પ્રકૃતિ છે અને જન-જનની સંસ્કૃતિ છે. પૂજ્ય સંતો, કારસેવકો અને જનતાના સંકલ્પ-સંઘર્ષ-સમર્પણથી સમગ્ર દેશવાસીઓની આકાંક્ષા પૂર્ણ થઈ રહી છે. રામનામ વિના વાણી, રામનામ વિના કથા, રામનામ વિના શબ્દો, સો શબ્દાશ્ચ અકારથા, આમ રામ નામની અનિવાર્યતાની પરિપૂર્તતા આ ભવ્ય રામમંદિર નિર્માણમાં થવા જઈ રહી છે ત્યારે ''રામ મંદિરનિર્માણથી

**ઘણાં વર્ષોથી સિનિયર કેબિનેટ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ રામ મંદિરનિર્માણ સંદર્ભે લીધેલી ટેકને પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયાએ તેમનું મોં મીઠું કરાવીને પૂર્ણ કરાવી હતી.**

રાષ્ટ્રનિર્માણ''નો આ પ્રસંગ આપણા સૌ માટે ''ન ભૂતો ન ભવિષ્યતિ'' બની રહેશે. અનેક વર્ષોના સંઘર્ષ અને અસંખ્ય હુતાત્માઓનાં બલિદાન, રામભક્તોના અથાગ પરિશ્રમ અને સાધના તથા નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ આ ભવ્ય રામ મંદિરના નિર્માણનું સ્વપ્ન સાકાર થવા જઈ રહ્યું છે ત્યારે, આ ઐતિહાસિક ક્ષણને વધાવવા ભાજપા પ્રદેશ કાર્યાલય ''શ્રી કમલમ્'' ખાતે સિનિયર કેબિનેટ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયા, ગૃહરાજ્ય મંત્રી શ્રી પ્રદીપ સિંહ જાડેજા, પૂર્વ પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી, પ્રદેશ મહામંત્રી શ્રી કે.સી. પટેલ, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રીઓ શ્રી ગોરધનભાઈ ઝડફિયા, શ્રી આઈ. કે. જાડેજા, સાંસદશ્રીઓ શ્રી કિરીટભાઈ સોલંકી, શ્રી એચ. એસ. પટેલ, પ્રદેશ પદાધિકારીઓ, પ્રદેશ અગ્રણીશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓ સહિત શુભેચ્છકો અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

ભવ્ય ભારતીય સંસ્કૃતિ અને લોકકેન્દ્રિત શાસનપ્રણાલીના પ્રતીકસમા ભગવાન શ્રીરામના નિર્માણ થવા જઈ રહેલા આ ભવ્ય રામ મંદિરના શિલાન્યાસની ક્ષણોને વધાવવા પ્રદેશ ભાજપ કાર્યાલય શ્રી કમલમ્‌ને ૧૧૦૦ દીવાઓ પ્રજ્વલિત કરીને દિવાળી સમાન દેદીપ્યમાન કરવાનું આયોજન કરેલ. આ ઉપરાંત સમગ્ર ગુજરાતભરમાં અનેરા આનંદ ઉલ્લાસ સાથે આ પ્રસંગની ઉજવણી કરવામાં આવી હતી.


# ઓગસ્ટ ક્રાંતિમાસ - શ્રાવણ મહિનો
# પુણ્યતિથિએ હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ



**અટલબિહારી વાજપેયીજી**
**૧૬ ઓગસ્ટ ૨૦૧૮**



**સુષમા સ્વરાજજી**
**૬ ઓગસ્ટ ૨૦૧૯**



**અરુણ જેટલીજી**
**૨૪ ઓગસ્ટ ૨૦૧૯**

REGD. NO. GAMC 563/2018-20 VALID UP TO 31-12-2020 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/HQ/077/2018-20 VALID UP TO 31-12-20 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

## અયોધ્યા ખાતે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે યોજાયેલ ભૂમિપૂજન કાર્યક્રમને સંભારણું બનાવતા ગુજરાત ભાજપના મહાનુભાવો



**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.